# A HISTORY OF THE ANCIENT PARSIS.

# પુરાતન પારસીઓની તવારીખ.

سازمان اسناد و کتابخانه ملی
جمهوری اسلامی ایران

۱۳۲۹

۹۴۳۷

تاریخ فرس قدیم زبان پهلوی

۲۱۰۸



No. 8515
1238

A

# HISTORY OF THE ANCIENT PARSIS

FROM THE ORIGINAL PERSIAN WORK

COMPILED BY

**PRINCE JALAL OOD-DEEN MIRZA KAJAR OF PERSIA**

TRANSLATED INTO GUZERATEE AND PUBLISHED

BY

**ARDASEER DOSSABHAEE MOONSHEE.**

SECOND EDITION,

IMPROVED AND ENLARGED.

SAKHAVUT KUNUD NEEKBUKHT IKHTIYAR

KI KHURD UZ SUKHAVUT SHAVUD BUKHTIYAR

*Shaikh Sadi Shirazi*

Bombay:

PRINTED AT THE

DUFTUR ASKHARA PRESS

BY RUSTOMJEE NOWROJEE KHUMBATA.

JUBILEE YEAR

1887.

139913
No. 1677
NATIONAL LIBRARY OF THE ISLAMIC REPUBLIC OF IRAN
1937

بخش . شناسی
کتابخانه ملی

No. 532

ایرانشناسی

DSR
١٤٠
/ ٤٠٨ ن ٢٠٤٩٢
١٢٦٦

NATIONAL LIBRARY OF THE ISLAMIC REPUBLIC OF IRAN

*TO THE HONORABLE*

# SIR DINSHAW MANOCKJI PETIT KNIGHT

SHERIFF OF BOMBAY

MEMBER OF THE VICEREGAL LEGISLATIVE COUNCIL,

A GENEROUS, ENTERPRISING AND BENEVOLENT GENTLEMAN OF THE PARSEE COMMUNITY.

**This Work**

IS RESPECTFULLY DEDICATED

IN TOKEN

OF ESTEEM AND ADMIRATION FOR HIS ZEAL

IN PROMOTING USEFUL OBJECTS

AND

IN SUPPORTING THE CAUSE OF EDUCATION

BY HIS GRATEFUL FRIEND

THE TRANSLATOR.

BOMBAY, 1ST DECEMBER 1887.

139957
شماره ثبت
۱۳۹۹۵۷

# પુરાતન પારસીઓની તવારીખ.

અસલ ફારસીમાં બનાવનાર
ઇરાન દેશનો
**શાહજાદો જલાલુદીન મીરજાં કાજાર.**

તરજુમો કરી પ્રગટ કરનાર
**અરદેશર ડોસાભાઈ મુનસી.**

**બીજી આવૃ-તી,**
**સુધારા અને વધારા સાથે.**

"સખાવત કુનદ નેક બખત ઈખત્યાર
કે મર્દ અઝ સખાવત શવદ બખત્યાર."
(શેખ સાદી.)

મુંબઈ મધે,
દફતર આશકારા છાપાખાંનામાં
રૂસ્તમજી નવરોજજી ખંબાતાએ છાપ્યું છે.
કોટ—કાવસજી પટેલ સ્ટ્રીટ, નાં૦ ૮૭.

સને ૧૨૫૭ યઝદેઝરદી—સને ૧૮૮૭ ઇસવી.

ધી આનરેબલ

સર દીનશા માણેકજી પીટીટ નાઈટ,

મુંબઈના શેરીફ,

વાઈસરાયની ધારા બાંધનારી સભાના સભાસદ.

પારસી કોમના

એક ઉદાર, સહાસીક અને પરોપકારી અકાબર

લોકઊપયોગી કામો તરફ શદા ઊલટ ધરનાર

અને

કેળવણીની કદર બુજનાર.

એવા એક ગ્રહસ્થ તરફની માનની ઇધાની તરીકે

એઓના અહેસાનમંદ મીતરે

આ બીજી આવૃ-તીનું પુસતક

એઓને

મોટાં માન સહીત અરપણ કર્યું છે.

# દીબાચો બીજી આવૃ-તીનો.

હરએક સારૂં કામ આરંભતી વખ્તે પાક પરવરદેગારનું મુબારક નામ લેવું સજાવાર છે તે ધોરણે આ પુસ્તકનો પ્રગટ કરનાર કમતરીન અરદેશર ડોસાભાઇ મુનશી તે પાક પરવરદેગારનું મુબારક નામ લઇ સરવે વાંચનારા સાહેબોને જણાવવાને રજા લીએ છે કે આજ ૧૬ વરશની વાત પર અમોએ આ પૂસતકની પેહેલી આવૃતિ, પારસી કોમના અકાબરો માહેલા એક મૂખ્ય અકાબર સર જમશેદજી જીજીભાઇ (બીજા) બેરોનેટ સાહેબને અર્પણ કરીને બાહાર પાડી હતી. પણ પેહેલી આવૃત્તિની સરવે નકલો તદન ખપી ગઇ અને તેને માટે ઘણે ઠેકાણેથી માગણી થઇ.

એ ચોપડીમાં આગલા પારસી પાદશાહોની તવારીખ હોવાથી કેટલાએક પારસી કુટુંબના વડાઓએ પોતાના કબીલાના સર્વ નાના મોટાઓને એ ચોપડી વંચાવ્યાથી ફાયદો થશે એમ સમજીને તેની બીજી આવૃત્તિ છપાવવાને અમને મઝબુત ભલામણ કીધી તે ઉપરથી આ બીજી આવૃત્તિ છપાવી પ્રગટ કરવાને પાક ખુદાતાલાની બક્ષેસથી અમો સામર્થવાન થયા છીયે.

આપણી બખતાવર મહારાણી વીકટોરીઆ કૈસરે હીંદના રાજનું આએ પચાસમું વરસ હોવાથી તે શુભ બનાવની યાદગારી જાલવી રાખવા માટે જુબીલીના જશનની ખુશાલીમાં એ નામવર શેહેનશાહબાનું તરફથી નાઇટહુડ (Knighthood) નો મોટાં માન ભરેલો ખેતાબ મેલવવાને ભાગ્યશાલી થયલા સખીવજુદ સર દીનશાજી માણેકજી પીતીતને આએ બીજી આવૃત્તિ અર્પણ કરવાને અમોએ વાજબી વિચાર્યું છે અને એ માન ભરેલો ખેતાબ મલવાની તક લઇ

એવણ સાહેબના કુટુંબની જીન્દગાનીનો એહેવાલ અતરેના વર્તમાન પત્રોમાં આવ્યો હતો, પણ તે છુટાં પત્રો હોવાથી સદા જલવાઇ રહી શકે નહી અને ચોપડીની સાથે તે કાયમ રહે એવી મકસદથી, અમોએ ભેગો કરીને અને તે ઉપરાંત સર દીનશાજીની ખાસ પરવાંનગી મેલવી તેવણનાં નેકબખ્ત કુટુંબનો અહેવાલ અમારી તરફથી વધાર ઘટાર કરીને, તેમજ એવણના મુરબી બાવાજીનો અહેવાલ જેનો અમો પોતાને સારો અનુભવ હતો તે અમારી યાદદાસ્ત પ્રમાને વધારીને લખ્યો છે.

અમોને ઉમેદ છે કે સર દીનશાહજીના વડીયલોનું ઉપલું જન્મચરિત્ર આએ ચોપડીમાં દાખલ કીધાથી જુબીલીનું આ મુબારક વરસ આપણી ઉધરતી ઓલાદના નબીરાઓને યાદ રેહેશે એટલુંજ નહી પણ એ નામવર અકાબરની કીર્ત્તિનો અહેવાલ વાંચીને તેવણને પગલે ચાલવાની તથા તેવણના જેવું માન મેલવવાની તેમને ઉલટ અને હોંસ પેદા થશે. આમીન.

અમો ઉપર લખી ચુકા છઇએ કે આ બીજી આવૃત્તી અમારી મરજીથી છાપી નથી પણ ઘણાંએક આબરૂદાર પારસીઓના બજીદ થવાથી તેમાં ખશુસ કરીને સર દીનશાહજી પીતીતના ઉતેજન અને આશરો આપવાથી એ કાંમ માંથે લીધું વાસતે આ પરસંગે અમો એ સર નાઇટનો ઉપકાર માનીએચ બીજું અમારા કેટલાએક દેસાવરના દોસતોએ અમને મદદ કીધીછે તેમનો ઉપકાર થયોછે તેમાં અગત કરી શ્રી શુરતવાલા ખાંનબાહાદુર મોદીજી સાહેબ દાવર રૂશતમજી ખોરશેદજી તથા તેમના ભાઇ શેઠ એદલજી અને ભતરીજાઓએ ઘણી મોહટી મદદ કીધીછે તેથી તેવોના મારા ઉપર ઉપકાર થયોછે.

# સર દીનશાજી માંણેકજી નાઈટ, પીતીતના ખાનદાંનનું જનમ ચરિત્ર.

આ જન્મ વૃતાંત લખવા આગમચ અમારા અશરાફ વાંચનારાઓની જાણને માટે એક ટુક દીબાચો લખવાની અમોને અગત જણાઇ તેથી ખોલાસા તરીકે અતરે લખ્યોછે.

આ બાબતને મથાલે અમોએ પીટીટને બદલે પીતીત કરી લખ્યુંછે કારણ કે આ શબદ ફ્રેંચ ભાષાનો છે અને એ ભાષામાં ઇંગરેજી T. અને ગુજરાતી મુર્ધની ટ છેજ નહી. દાખલા તરીકે જારે એક ફ્રેંચમૈન કોઇને પુછે કે What do you want પણ તે તો જુદોજ ઉચ્ચાર કરવાનો તે તો બોલવાનો કે વાત દુ ઇયુ વાંત તેથી અમોએ ફ્રેંચ ઉચ્ચાર માફક દંતી ત વાપરેલોછે.

બીજું. અમોએ સર દીનસાજીના બાવાજીનો અહેવાલ લખવા માંડયો તારે તે બાબતને અમોએ બે ભાગમાં વેંહચી નાખીછે. પેહલ્લા ભાગમાં મરહુમ શેઠ માંણેકજીના સાહશિક અને ઉધોગી (જેને ઇંગરેજીમાં Enterprising અને Industrial) કરી કેહેછે તે કામોનું વરણન આપયુંછે અને બીજા ભાગમાં પરોપકારી—પરમારથી—પરગજુ અને પરદુખભંજન જેને ઇંગરેજીમાં (Benevolent, Benefactor, Benificient અને Philanthropic) કરી કેહેછે તેનું વરણન આપયુંછે એ રીતે બે ભાગ કીધાછે.

સર દીનશાહજી માંણેકજી પીતીતના બપાવા સવરગવાસી નશરવાંનજી પીતીત પેહલવેહલા ઇસવી સને ૧૭૮૫ માં શુરતથી નીકલી મુંબઇમાં વાસો કીધો, સર દીનશાહજીના બપાવા શેઠ નસરવાંનજી પીતીત સરૂઆતમાં મુંબઇ મધે

આવતાં વેપારીઓના વાંહાંણોની આડતનું કામ કરતા હતા શેઠ નશરવાંનજી દેહમાં ઠીગણાં હતા તેથી ફ્રેંચ વાંહાંણવાલાઓ એવણને પીતીત નશરવાંનજી કરી બોલાવતા હતા કારણ કે ફ્રેંચ ભાષામા ઠીંગણાં કદવાળાં માણસને પીતીત કરી કહેછે. એ પછે ઇ૦ સ૦ ૧૮૦૦ પછી એવણ વહાણોની નોલની દલાલી કરવા લાગા તે પછે શેઠ નસરવાંનજી પીતીતના સસરાના ગુજરી જવાથી તેમની અસકેઆમત પોતાના હસતકમાં લેવા સારૂ શ્રી કલકતે શીધારેઆ અને તયાંથી આસરે ૨ વરસ પછી પાછા મુમબાઇ આવી કલકતાખાતે તયાંના બરનો માલ મોકલવા લાગા. વખત જતાં તે ધંધામાં ખોટ ખમવી પડી, તે પછે ઇ૦ સ૦ ૧૮૧૯ ના સાલમાં શેઠ નસરવાંનજી પીતીત આસરે ૫૦ વરસની ટુંકી વયમાં મુમબાઇ મધે સવર્ગ પાંમઆ. શેઠ નસરવાનજી પીતીતના હયાત દીકરા મરહુમ શેઠ માંણેકજી પીતીત પોતાના બાપના મરણ પછી સને ૧૮૨૦ માં પોતાના એક ઓળખીતા ઇંગરેજ વેપારીના અનાજથી ભરેલું વાંહાંણ લઇ આરતયા પેરે મસકત પધારયા તે પછી થોડી મુદતમાં પાછા મુમબાઇ આવી પારશીઓના અકાબરો માહેલા એક અકાબર અને શેઠ માંણેકજી પીતીતના સસરા શેઠ જીજીભાઇ દાદાભાઇની ભલાંમણથી સાટન મલકમની પેહેડીમાં વેપારી કામ શીખવા સારૂં દાખલ થયા, તે પછે થોડી મુદતે મેસયરસ ડાઅેરમ કેયારટરના હાઉસમાં ગોડાંઉનકીપરના કામપર રેહયા અને તે પછી શેઠ માંણેકજી પીતીત ઉપલાંજ હાઉસમાં દલાલીનું કાંમ કરવા લાગા. જોકે એવણ શેઠ જીજી-ભાઇના આસરાથી વધયા તોપણ જો આપણે કહીએ કે Mr. Manockji Petit was a self—made man તો તે ખોટું નહી કેહવાએ. તે પછે શેઠ માંણેકજી પીતીત મીસીઅરસ ડાઅેરમ હંટર તથા મી૦ રીચમોંડ અને ડબલયુ. સીલર અને મીસતર રેચીની કુ૦ નીના હાઉ-

સોની દલાલી કરવા લાગા અને પછવાડેથી એ ઉપલાં હાઉસો મધેથી એક હાઉસ સર દીનશાજીને સોંપયું હતું, એ જો અમારી યાદદાસત અમને ભુલાવો નહી આપતી હોએ તો એ વાત ખરી પડી શકેચ. એ શીવાએ શેઠ માંણેકજી પીતીત પોતે જુદો વેપાર ચલાવતા હતા તે પછે શેઠ ખરશેદજી કાવસજી બનાજી ગુજરયા પછી તેવણનું કેઆસટલ હંટલી નામનું એક વાહાણ એક વાંણીઆ વેપારીની સાથે ભાગમાં ખરીદ કીધું. એ પછે મેસીઅરસ મેક ગરીગર બરાઉનરીગ અને બીજાં ઈંગરેજ હાઉસવાળાઓ તથા શેઠ ખરશેદજી કાવસજી બનાજી અને શેઠ માંણેકજી પીતીતે સાથે મલી સરકાર પાસેથી કોલાબા મધે ઉગમણ તરફનો દરીઓ પુરવાનો પટો લીધો અને દરીઓ પુરાઇ રેહા પછે પુરેલી જમીન ઉપર મસ મોટી એમારતો બાંધી કે જે આજ Colaba Buildings ને નામે ઓલખાએછે. તે પછે શેઠ માંણેકજી પીતીતે જબરી હીમ્મત ચલાવી ઉગમણ તરફનો એક મસ મોટો જમીનનો કકડો કોલાબા કુંપની પાસેથી વેચાતો લઇ તેના નાહના નાહના કકડા કરી મોહરે ભાવે બીજા વેપારીઓને વેચાતા આપયા અને કોલાબે જતાં જમના હાથ પર પુલને નાકે એક સારો કકડો પોતા હસતક રાખી એક મોટી ઇમારત બાંધી કે જે આજે The Manockji Building ને નામે ઓલખાએછે. તે પછે સને ૧૮૫૪ ના સાલમાં સહાસિક અને માહા મોહટું ઉદયોગી કામ ઉભું કીધું તે કામ એ છે કે તારદેવ આગલ એક બહુ મોહટી મીલ જેનું નામ Oriental Mills કરી રાખીઉંછે તે મીલ શેઠ માંણેકજી પીતીતે સ્થાપી. એ મીલની અગાઉ મરહુમ શેઠ કાવસજી નાહનાભાઇ દાવરે મહાલક્ષમીના રસતા ઉપર બંધાવી હતી તે શીવાએ બીજી મીલ નોહતી, એ મીલના સેરો ઘણાએક સકતીવાલા તેમજ ગરોબ સથીતીના માંણ-

સોમાં વેહચી આપેઆ. જારે આ સેરો પર મોહટું પરીમયમ બોલાયું તયારે સેર મેલવવા સારૂં ઘણા ગરીબ લોકો દોડાદોડી કરવા લાગયા. થોડે દીવસે એક પારસી હાફીસમાં આવી અરજ કરવા લાગયો કે એક સેર મહને આપો તો મેહરબાંની. શેઠ માંણેકજીએ કેહયું ભાઇ આટલા દીવસ કયાં હતા, હવે મારી પાશે ફાલતું સેર નથી. તે પારસી કરગરીને બોલવા લાગયો કે સાહેબ જારે સેર પર નફો બોલાયો તયારે મહને આવતાં સરમ લાગી પણ બીજા લોકોએ મહને ધકા મારી મોકલયો તેથી આવયોછું. આ વાત સાંભલી શેઠ માંણેકજીએ મેહતાને બોલાવી હોકમ કીધો કે આ પારસીને ઓરીએનટલના સેરનો આજનો ભાવ પુછી જે પરીમીઅમ હોએ તેટલા સેરના રોકડા રૂપયા આપ. તે પારસી રૂપયા લઇ દોઆ દેતો દેતો ઘેર ગયો.

શેઠ માંણેકજી પીતીતે ઉપલાં ઉદયોગી ખાતાંઓ સાથે આગના વીમાની પેહેડી ઉંઘાડી હતી અને તે પછે કોલાબા પ્રેસ કુંપની ઉભી કીધી. એ પરમાંણે શેઠ માંણેકજી પીતીત એક ઉદયોગી વેપારી દાખલ ઉગી નીકલીઆ.

---

## શેઠ માંણેકજી પીતીતના પરમારથી કાંમોનું વરણન નીચે પરમાંણે છે.

ઘણાંએક વરસની વાત ઉપર શેઠ માંણેકજી લીમજી હાંતરીઆ શ્રી ઇરાન શીધારેઆ હતા તાંહાંથી અતરેની ચોપાટીની ઇરાંનીઓને રાખવાની ધરમશાળાના કારભારીઓ ઉપર કાગજો લખી જણાવયું કે અતરે જજીયાનો કર ઉંઘરાવતી વખતે સરકારી કામદારો ઘણી જાસતી વાપરેચ તેથી જો હીંદુસતાનના સખી પારશીઓ એક ફંડ ઉભું કરે તો તેના વીયાજમાંથી જજીઆના કરનું નાણું બારો-

બારથી ઇરાંનની સરકારની તીજોરીમાં ભરી દેવાથી સઘળો જુલમ અને જાસતી બંધ પડે. આ કાગલ ચોપાટીની ધરમશાળાના કારોબારીઓએ શેઠ માંણેકજી પીતીતને દેખાડયો તે ઉપરથી એવણે પોતાની ગોવાલીઆ તલાવની વાડીમાં મુંબઇના પારશીઓની એક મોટી સભા બોલાવી તાંહાં એક કારોબારી મંડળી સથાપી જેમાં અમોને પણ સાંમેલ કીધા. પણ એ મંડળીના કામને પારશીઓ તરફથી જોઇતો આસરો મળયો નહી કારણ કે સરવે પારશીઓ એમજ સમજતા હતા કે ઇરાંન જેવા દુરદરાજ અને કાએદા કાનુન વગરના રાજમાં પૈસા મોકલવા સલાંમતી ભરેલું કામ નથી પણ હાવાં સખત વિરૂદ્ધ મત છતાં શેઠ માંણેકજીએ હારી ખાધી નહી પણ જારે મંડળીનાં માંણસો ઉઘરાણાંની ચોપડી લઇ પાછા આવયા તારે શેઠ માંણેકજી પીતીત પોતે પોતાનું માન, મરતબો અને મોભો એક કોરે મેલી ઉંઘરાણાંની ચોપડી બગલમાં મારી ઘેરે ઘેર—હાફીસે હાફીસ—દુકાંને દુકાંન—બંગલે બંગલે અને વાડીએ વાડી ફરી નાણું ભેગું કીધું. પણ તે ભરાએલી થાપણ એટલી મોટી નોહતી કે તેના વીયાજમાંથી જજીયાનું ભરણુ થઇ શકે તારે શેઠ માંણેકજી પીતીત આપણી કોમના સખાવતના સરોવર શર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ સાહેબ પાસે પધારયા. તેવનની આગળ ઇરાંની પારસીઓ ઉપરના જજીઆના કરથી ઉપજતો માહા મોહોટો જુલમ અને જાસતીની વાત કહી સંભળાવી. તે સાંભળી બારોનેટ સાહેબે કહયું ભાઇ હું તમારી વાત સાંભળી ઘણો દલગીર છું. મારી ખુશી છે કે એ ફંડમાં એક સારી રકમ ભરી આપુ પણ હું તમને ખાતરીથી કહુછુ કે આ દુર દરાજ દેશમાં આપણીથી નીભી સકાસે નહી વાસતે એ વાત માડીવાલો. તયારે શેઠ માણેકજી પીતીતે સમયસુચકતા વાપરી ધીરજથી સાંતપણે સમજ પાડી રૂપયા પચીસ હજારની

પાદસાહી રકમ ભરાવી લાવયા તયારે શેઠ માંણેકજીએ બારો-નેટ સાહેબનું નામ ટીપને મથાલે મુકયું.

હવે એ તો વાત થઇ પણ હજી શેઠ માંણેકજીની મેહનતનો છેડો આવયો નહી તે એમ કે રૂપયા હાથ આવે તે અગાઉ બારોનેટ સાહેબ બેહેસતનશીન થયા જેથી આ ઇરાંનીઓની હાલત શુધારનારી મંડલીમાં ભારે દલગીરી અને ઉદાશી પેદા થાઇ. કાંયકે એ રૂ૨૫૦૦૦) વાંધામા આવી પડયા મગર તે વાંધાનો નીકાલ પણ શેઠ માંણેકજી પીતીતે ઘણીજ દાહપણ ભરી રીતે લાવી મેલયો તો જોકે એ ઇરાનીઓની મીટીંગના બે ચાર મેમબરો એક ઘાના બે કકડા કરવાને તતપર હતા પણ તેવું કશું શેઠ માંણેકજી પીતીતે કરવા દીધું નહી અને એ રૂપયા પચીસ હજારનું Trust-deed કરાવી લીધું જેનું વીઆજ આજસુધી એ મંડલીનો ધુંધી સેકરેટરી ભાઇ અરદેસર શોરાબજી દસતુર કામદીનના વશુલ કરતા આવેચ.

અમારા કુલ પારસી વાંચનારા સાહેબને ભરોસાથી જણાઉચ કે જો શેઠ માંણેકજી પીતીતે ઘણાંએક વિરૂદ્ધ મત છતાં હારી ખાધી નહી તેનું શુભ પરીણામ એ નીપજયું કે જે કંઇ શપનામાં પણ નોહતું તેવું સેવટ આવયું. કદાચ વાંચનાર અધીરો પડી જાણવા માગસે કે શેઠ માંણેકજી પીતીતની મેહનતનો અંત કેવી રીતે આવયો તો અમો મોહટી ખુશી અને ભારે હરખ સાથે જણાવીએચ કે **પેલા આપણા માયાલું, દયાલું, મોહટાં મનના અને સખી દીલના પાદશાહ નસરૂદદીન શાહે ઈરાંનના પારસી-ઓ ઉપરથી મહા સંતાપ ભરેલો જજીઆનો કર માફ કીધો,** બીજું ફલ શું નીપજયું કે જારે શ્રી ઇરાંન, યજદ, તેહરાંન અને કિરમાંનના લોકોએ જાંણયું કે હીંદુસતાનના પારસી-ઓએ તન, મન, અને ધન ખરચી દુરદરાજ પડેલા પોતાના

જાતભાઈઓને ઘણાંજ દુખ આપનારા જજીઆના કરમાંથી મોકલા કરાવેઆ અને તેજ રીતે શ્રી ઈંગલંડ અને તેની આસપાસના બીજા રાજોની આલમે આ પારસી હીમતની વાતો સાંભલીને એ પારસીઓની અતીસે તારીફ કીધી અને ઈંગલંડના અખબારનવીસોએ મુંબઈના પારસીઓની ઉદારતાની વાતો છાપી જેથી એ પારસીઓના માન મરતબા અને મોભામાં ઘણો મોટો વધારો થયો.

શેઠ માંણેકજી પીતીતે જે તારીફ લાએક મેહનત અને જેહમતના ઝાડ રોપયાં તેની કિરતી અને જસના ફળ એવનના સાહેબજાદાઓએ અને તેની સાથે ઈરાંન દેસના લાચાર જરતોશતીઓની હાલત સુધારનારી મંડળીએ અને સેકરેટરી ભરૂચવાલા દસતુર કાંમદીનના નબીરા ભાઈ અરદેશર શોરાબજીએ ચાખયાં તે એમ કે ઉપલા ગરહસથોના વખતમાં જજીયાનો કંટાલો આપનારો કર માફ થયો. અતરે નોંધ કરી રાખવા સારૂં જણાઉછું કે ઉપલા સેકરેટરી ભાઈ અરદેશરને મીટીંગના સાહેબોએ એવણની અથાક મેહનતના બદલામાં એક રૂપાંનું સુંદર આફરગાનીયું ઘટતા લેખ સાથે એ ખાતાંના ફંડમાંથી બનાવી ભેટ આપેલુંછે.

---

## શને ૧૮૫૧ નો બળવો.

### બેહસતબહરે શેઠ માંણેકજી પીતીતની જાહેર હીમ્મત અને પરોપકાર બુદ્ધી.

અમારા અસરાફ વાંચનારા તેમાં અગત કરી હાલના જવાન પારસીઓની જાણને ખાતર બયાંન કરૂંચ કે ઉપલા સાલના બળવાની વખતે શેઠ માંણેકજી પીતીતે બતાવેલી જાહેર હીમત અને પરોપકાર બુદ્ધી કેમ વાપરી તેનો સેજ ખયાલ આવશે. એ બળવાની દુઃખદાએક કહાંણી તો

બહુ લાંબી છે પણ અમો સેજ સાર તેબી જે શેઠ માંણેકજી પીતીતને લગતો છે તેજ માતર લખ્યોછે.

જ્યારે બાહેરકોટના પારસીઓ ઉપર પડેલી જાસતી અને જુલમની ખબર સાંભલી કોટ માહેલા પારસીઓમાં તેની સાથે આપણા પરઉપકારી શેઠ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ સાહેબને ઘણી દલગીરી પેદા થઇ તેથી આપણા એ સખી વજુદ પેહલા બારોનેટ સાહેબે પોતાના કોટ મધેના ઘરમાં પેહલે વાંધેના હીંદુ—મુસલમાન અને પારસીઓની ઘણીજ આબરૂદાર ગરહસથોની એક મીટીંગ નોતરી, તાંહાં ઘણાએક સાહેબો બારોનેટ સાહેબનાં નોતરાંને માન આપી હાજર થયા.

ત્યારે શેઠ ખરસેદજી જમશેદજી (બીજા બારોનેટ) એ કાગજપર લખેલું એક સુબાખીત ભાષણ પોતાના મુરબીની તરફથી વાંચી સંભલાવેઉં તેનો સાર એટલોજ હતો કે આપણે આપણી માયાલુ અને મેહેરબાંન રાંણી વીકટોર-યાના રાજમાં પોતપોતાનો છુટથી ધરમ પાલી સુખ ચેનથી કાલ કાહાડીએચ અને જુદી જુદી કોમના લોકો અરસ-પરસ દોસતી અને મોહોબતથી રેહતા આવયાચ તેમાં કોઈ કાલે એક કોમવાલો બીજી કોમના ધરમની બાબતમાં કાંઇ અપમાંન કરે તો સરકારે કાએદા કરેલાછે તે પરમાંણે પેલા અપમાન કરનારને સજા કરાવે તો તે વાજબી ગણાએ, પણ અપમાનનો કરનાર બચી જાએ અને તેની ન્યાતવાલા હજારો જણા ઉપર જાસતી ગુજારવી તે તો ઇનસાફથી દુર કેહવાએ, વાસતે હીયાં જે સાહેબો હાજર થયાછે તેઓને ઘટારત છે કે પોતાની કોમના આંમ લોકોને સમજાવી આ ફેસાદનો અંત લાવે. આ વાજબી ભાષણ ઉપર તાંહાં હાજર થએલા અકાબરોએ કશું ધેયાન આપયું નહી તેને બદલે જુદા જુદા ગરહસથોએ જે જુદા જુદા વીચારો જણા-

વેઆ તે વીચારો અતરે ટાંકી અમારા જવાંન પારસીઓનાં દીલ ઉકલાવવાં અને તેમનો જુસ્સો ઉસકેરવો અમો મુનાસેબ જોતા નથી. ગરજ આ સભા કોઇબી રીતનો છેડો લાવીઆ વગર બરખાસત થાઇ અને બાહેરકોટના પારસીઓ ઉપરતું સંકટ અને જાસતી જેમની તેમ ચાલયા કીધી અને સર જમશેદજી ઘણા રંજીદા થઇ ખંડાલે ચાલી ગીયા.

એ અરસામાં શેઠ માંણેકજી પીતીતનાં ધણીઆંણી તે બેહેસતી શેઠ જીજીભાઇનાં બેટી હમાબાઇ હક થયાં તેની દલગીરીને લીધે શેઠ માંણેકજી પીતીત બાહેર નોહોતા જતા તેથી એવણના સગાવાહાલા અને અતલગના દોસત આસનાવો તેઓમાં અમારા મુરબીજી શેઠ ડોસાભાઇ શોરાબજી મુનસી કોટ મધેના ઘેરમાં ભેગા થતા હતા અને આંણીગમ પેલીગમની વાતો કરી એવણનો ગમ વીસરાવતા હતા. એ વખતે શેઠ જીજીભાઇ દાદાભાઇના ચારે સાહેબજાદાઓ પોતાની બેહેનના સોગમાં શેઠ માંણેકજીની આગલ બેઠેલા હતા તેવામાં એક માણસ ઘભરાએલી હાલતમાં આવી કેવા લાગો જે **સાહેબ તમોએ બાહેરકોટના પારસીઓને વાસતે ગાડાં ભરી અનાજ અને ખોરાકી મોકલી તે તો રસતામાં લુટાઈ ગઈ અને ખસરૂ પંથકીએ** (બેહેસતી શેઠ ખરશેદજી બમનજી પંથકી) **જે પાંણીના પીપો મોકલીઆં હતાં તે તો ઢોલી નાખયાં** અને જે માણસો પોંહોંચાડવા ગીયા હતા તેઓ પોતાનો જીવ બચાવી નાહાસી આવયા. આ વાત સાંભલી બેહેસતી શેઠ મેરવાંનજી જીજીભાઇનો પીત્તો ઉછલી આવયો અને શેઠ માંણેકજીને કેહવા લાગ્યા જે આપણે કીલાનો આસરો લઇ બેફીકર બેસી રહીએ અને આ આપણા ગરીબ જાતભાઇઓ હાવું દુખ ભોગવે એ કાંઇ આપુને સોભા આપનારી વાત નથી. એ વાત શેઠ મેરવાંનજીના તરણડે ભાઇ શેઠો બમનજી—શોરાબજી અને બેરાંમજીએ ઉચકી લીધી કે

અગર કોઇ બીજો આગલ નહી પડે તે સારૂં શું આપણેબી જોયા કરીએ, એ ઉપરથી શેઠ માંણેકજીએ કહયું ચાલો આવતી કાલે શેઠ જીજીભાઇની હાફીસમાં થોડાએક ચુંટી કાહાડેલા આગેવાન પારસીઓની એક મીટીંગ બોલાવીએ અને આ દુઃખદાએક બાબતનો શું ઉપાએ કરવો તેનો ઠરાવ કરવો એ સુચના ચારે ભાઇઓ અને તાંહાં હાજર રહેલા શેઠ માંણેકજીના બીજા દોસતોએ પસંદ કીધી અને તેજ વખત ચીઠીનો એક ખરહો તૈયાર કીધો અને તે છાપવા સારૂં મોકલી શેઠ માંણેકજીએ હોકમ કીધો કે રાતોરાત છાપીને પોંહોંચતી કરે. આમ થયા પછે નોતરાંની એક ટીપ ઉભી કીધી અને મોબેદને બોલાવી તેરાંની ટીપ અને ચીઠી હવાલે કરી હોકમ કીધો કે બરી બામદાદે પોંહોંચતી કરે. આ મીટીંગની વાત સવારૂ પડતાં પારસીઓમાં ફેલાઇ ગઇ, મીટીંગનો વખત થાય તે અગાઉ અલફાતુ લોકોએ આવી જગા ઘેરી લીધી અને જયારે નોતરેલા લોકો આવયા તયારે માહા-મોહટી ઝેમતે જગો કરતા ગયા જયારે માલપર જગો ન રહી તારે દાદરપર લોક ઉભું રેહઉં અને જયારે દાદર ભરાઇ ગયો તયારે પારસીઓની એક મોટી સંખીયા રસતાપર ફીક્કે મોહડે મીટીંગનું પરિણામ જાંણવા સારૂં અધીરા પડી ઉભા હતા.

આ મીટીંગમાં એટલી તો કલબલ અને કચકચ ચાલતી હતી કે કોઇને મીટીંગનું કામ ચલાવવાને શુજતુ નોહતું કોઇ કેહે ભઇઆજી શીપાઇ રાખો તયારે બીજો કેહે એક ફંડ ઉભું કરો તયારે તરીજો કેહે ગવરનર સાહેબને અરજી કરો પણ શું કરવું તે આગેવાન પારસીઓને શુજ નહી પડીઉં પણ અંતે મી૦ વાકર વકીલની સુચનાથી એક કમીટી સ્થાપી અને ગવરનર સાહેબને અરજી કરવાનું કામ તે કમીટીને સોંપયું પણ તેવાંમાં એક ગરહસથ ઉઠી કેહવા

No. 532

લાગો કે સાહેબો હમણા તમોએ સાંભળયું કે બાહેરકોટ અલાઇબાગનો મોહલો, કાંદાવારો મોહલો, ભરૂચો મોહલો, એ સરવે મોહલાના પારસીઓ અનપાંણી વગર બારીબારણાં બંધ કરી ભુખમરો કાહાડેચ તયારે તમો સાહેબો ભઇઆજી શીપાઇ રાખવા માંગોચ, ફંડ ઉભું કરવા માંગોચ, અને આવા કડાકડીના વખતમાં તમો સાહેબો ગવરનર સાહેબને અરજી કરવા તૈયાર થયાછો. હવે એ અરજી તૈયાર કયે દાહાડે થશે, સહીઓ લેતા કેટલા દાહાડા નીકળી જશે, તે કયે દાહાડે મોકલશો અને કયે દાહાડે જવાબ આવશે વાસતે મારી દરખાસ્ત એ છે કે થોડાએક આગેવાન પારસીઓનું એક ડેપયુટેશન લારડ ફાકલેંડ પાસે જાઇ આ બાહારકોટના પારસીઓ ઉપરની વીપત અને આપદાની બીના મોહડેમોહડું કેહશો તો જલદી નીવેડો આવશે.

આ દરખાસ્ત એકબી પારસીનાં ધ્યાંનમાં ઉતરી નહી તેનું કારણ એવું જણાવયું કે પરેલ જવાના રસતા પારસીઓને વાસતે બંધ પડેલાછે એટલાંમાં બેહસતી કાવસજી નાનાભાઇ દાવર ઉઠી ઉભા થયા અને એક લાંબું ભાષણ કરી આ દરખાસતને ટેકો આપયો, પણ આગેવાંન. પારસીઓની હીમત ચાલી નહી પણ સારાં ભાગ્યેગે આ મીટીંગમાં ટેલીગરાફ અને કોરીઅરનો અધીપતિ મી૦ જેમીસન હાજર હતો તે ઉભો થયો અને આ ડેપયુટેશનની દરખાસતને ટેકો આપી કેહવા લાગો કે તમો સાહેબો આજે જે ભેગા થયાછો તે પેલા તમારા જાતભાઇઓને સંકટમાંથી છોડાવવાની મતલબથી ભેગા થયાછો, જો એમજ છે તો આવા જરૂરના વખતમાં ડેપયુટેશન વગર બીજો ઉપાએ વ્યરથ છે. એ સાંભલયાથી પારસી આગેવાનોના અંગમાં લગાર ગરમી આવી. શેઠ નવરોજજી ફરદુનજીએ ડેપયુટેશનના ગરહસથોની એક ટીપ લખી કાહાડી અને પરેલ જવાનું નકી

થયું, પણ તેવામાં એક સાહેબે કહયું કે આ ઉપાએ તો વાજબી છે, પણ પેલી ઉંદરોનો નાસ કરનારી બીલાડીનાં ગલાંમાં ઘાંટરડી કોણ બાંધી આવશે. એટલે જે પરેલ જવાના સરવે રસતા પારસીઓને વાસતે બંધ છે તયારે શી રીતે પરેલ જશો ? આ મુસકેલ વાતપરથી ડેપયુટેશનના ગરહસથોના પગલાં પાછાં હઠવા લાગાં તયારે શેઠ માંણેકજીએ આ મુસકેલી બે સખુનમાં આશાન કરી નાખી. તવણે કહયું કે અમુક કલાકે ડેપયુટેશનના સાહેબોએ મારી ગોવાલીઆ તલાવની વાડીમાં ભેગા થવું અને તયાંથી અમુક કલાકે ભાએખલા કલબપર થઈ—કલેર રોડપર થઇ ભાએખલે આવી સીધા પરેલ જઈશું તેમ કીધાથી ડેપયુટેશન સહીસલામત પરેલ પોતું અને ગવરનર સાહેબ લારડ ફાકલંડે તેઓને ઘણો માન ભરયો આવકાર દીધો. પછે બેહેસતનશીન વાડીઆજી શેઠ બહમનજી હોરમજજીએ બાહેરકોટના પારસીઓપરની મારફારની અને લુટફાંટની હકીકત અને તેઓના સામાંન સરંજામની ભાંજફોડની બીના વીસતારીને કહી તેની સાથે આમ પણ જણાવયું કે બાહેરકોટના અમારા જાતભાઈઓ જીવજાનની દેહશતથી બારીબારણા બંધ કરી ભુખ્યાં, પયાસાં ઘરમાં ભરાઇ બેઠાંછે, તેઓને અમો કોટ માહેલા પારસીઓએ મદદ કરવા સારૂં અનપાણી પોંહોંચતું કરવાની કોશીશ કીધી તે કોશીશમાં અમો નીશફળ થયા કારણ કે તે અનાજના ગાડાં લુટાઇ ગયાં અને પાણીના પીપ ઢોલાઇ ગયાં. તે વીશે પોલીસે કસી મદદ આપી નહી તયારે ગવરનર સાહેબ બોલયા કે ખરી વાત છે પણ પોલીસ માજીસટરેટ મી૦ Spens સે જે રીપોરટો મોકલયાચ તેમાં લખેચ કે કોટ મધે કાંમ ઉપર જતા મુસલમાંન મજુરોને મારફાર કરવામાં તમારા કોટ માહેલા પારસીઓ કાંઇ ચુકયા નથી અને કાજી સાહેબ ટૌનહાલમાં કાંઇ કારણસર ગયા

હતા તેમની પાલખીપર પારસીઓ હોમલો કરવા ગયા પણ પોલીસે વચ્ચે પડી બચાવ કીધો, મગર હવે મેં આ disgraceful Riot નો અંત લાવવાનો નીશ્ચય કરયોછે. ઘોરનડી ખાતેની ઘોડસવાર ટુકડીને બોલાવીછે તે આનક્ષાલ આવી પુગશે અને પોલીસ સતાવાલાઓને હોકમ કરશ કે તમો કોટમાંથી જે અનપાંણી તમારા જાતભાઈઓને વાસતે મોકલો તેની સાથે ચોકી કરવા પોલીસની એક મજબુત ટોળીને મોકલે કે રસતામાં કોઇ હરકત નહી કરે તયારે વાડીઆજી શેઠ બહમનજીએ કહ્યું કે અમોને તમારી પાસે આવતાં ઘણી મેહનત સોસવી પડીછે અમોને સીધો રસતો મુકી દઇ ચક્કર મારી આરકતરે રસતે આવવું પડયુંછે. તયારે નામદાર ગવરનર સાહેબે હોકમ કીધો કે મારી બાડી ગેયારડના શઘળા સવારોને તૈયાર કરે અને ડેપયુટેશનના ગરહસથોની ગાડીની આસપાસ સવારોના ઘોડા ડપટાવી સીધે રસતે એઓને કોટમાં પોંહોંચાડી આવે એ પરમાંણે સવારો નાગી તલવાર સાથે ગાડીઓની આસપાસ ચાલયા અને શહીસલામત કોટમાં પોંહોંચાડયા. આથી કેટલેએક દરજે ફેસાદ બેસી ગયો અને કોટમાંથી અનાજ પાંણી નવેસરથી પોલીસની મદદથી પોંહોંચતું કીધું તયારે બાહેરકોટના ગરીબ પારસીઓએ ઘણા દાહાડા ભુખમરો કાહાડયા પછી બુકબાચક ખાઇ પાણી પીધું અને બારીબારણા ઉઘાડી આસાએસ લીધી એ સઘળું જે થયું તે રૂડાંવાંનાં બેહેસતનશીન શેઠ માણેકજી નોશરવાંનજી પીતીતની રૂસતમી હીમ્મતથી થયુંછે એમાં કસ્સો શકશુબેહ નથી.

શેઠ માણેકજી પીતીત પાસે કોઇ વાખાનો મારેલો આબરૂદાર કુટંબનો શખ્સ પોતાની ગરીબાઇને લીધે કાંઇ સવાલ કરવા જતો તો તે પાછો નહી ફરતો.

શેઠ માણેકજી પીતીતને ઘણા અંગરેજ વેપારી, સરકારી અમલદારો સાથે બોહળી ઓલખાંણ હતી તેથી ઘણા લોકોને નોકરીએ વળગાવી દેતા.

શેઠ માંણેકજી પીતીતે ઘણા લોકોના ઘરસંસારના ટંટા ચુકવી આપેલાછે અને જયારે છોકરાનો બાપ દાવો કરતો કે સાહેબ મારો વેહેવાઇ મારી વહુનું જરયાંન વેચી ખાઇ ગીઓ, તયારે શેઠ માંણેકજી પીતીત પોતે ગાંઠે ઘસાઇ પેલા બંધે વેહેવાઇઓમાં સલાહ કરાવી ઘેર મોકલતા હતા.

શેઠ માંણેકજી પીતીતમાં એક આ ઘણો સારો ગુણ હતો તે એ કે જયારે દેશાવરના ગરીબ પારસીઓને કાંઇ ધરમના મકાનની જરૂર પડતી તયારે તે લોક શેઠ માંણેકજી પાસે આવી અરજ કરતા તયારે શેઠ માંણેકજી પોતે એક ટીપ ઘડી કાહાડી તેમાં પોતે એક રકમ ભરતા અને પછી પોતાને નામે બીજા પારસીઓ પાસે પેલી ટીપ મોકલી રૂપીઆ ભરાવી પોતાના ચોપડામાં જમે કરતા અને જોઇતી રકમ ભેગી કરી પેલું ધરમનું મકાન બંધાવી આપતા હતા. એજ રીતે એક ન્હાની અગીયારી ભરૂચ મધે અમારા મુરબ્બી ડોશાભાઇ શોરાબજી મુનસીની ફરમાસથી બંધાવી આપી જે અગીયારી મધેનો કુવો ભાગી જવાને લીધે વરસ બે ઉપર અમારી ફરમાસથી ઉપલી અગીયારીમાં રૂ૩૦૦) ખરચી શેઠ માંણેકજીના સાહેબજાદા શેઠ નોસરવાંનજીએ નવેસરથી બંધાવી આપયો જેથી અગીયારીના મોબેદોને પાંણી વગર આપદા ભોગવવી પડતી હતી તે ટળી ગઇ અને એ અગીયારીની પાસેનાં મોહોલ્લાના લોકોને પાંણી સારૂં દુર જવું પડતું હતું તેઓને સગવડ થઇ.

શેઠ માંણેકજીના ગુજરી જવા પછી સર દીનશાજીએ પોતાના મુરબ્બીને પગલે ચાલી આજસુધી ઘણાએક એવાં મકાંનો બંધાવી આપયાંછે અને હજુ બંધાવી આપતા જાયછે.

ખોદાતાલાએ એ સર દીનશાજી ઉપર પોતાની બખ્ખશીસનો જે વરસાદ વરસાવયોછે તે એખલી એઓની સખાવતને લીધેજ નથી પણ તેની સાથે ઉપલાં કાંમોનું પુન્યબી આગળ આવયુંછે. સર દીનશાજી સેવક તમને ખાતરીથી કેહેછે કે દેશાવરોના ગરીબ પારસીઓ તમને બેસતાં અને ઉઠતાં ઘણી દોઆ દીએછે. ઘણીએક કેતાબોમાં ફીલસુફો લખી ગીઆછે કે જયારે કોઇ માણસને રસતે ચાલતાં કોઇ જનાવરનું મુવેલુ પ્રેત નજર પડે તો પોતાની જાતે અથવા ગાંઠના પૈસા ખરચીને તે મુરદાર જનાવરને ઠેકાંણે પાડી લોકોની દ્રષ્ટીથી દુર કરવામાં મોટું પુન્ય છે, તયારે આ જંગલ અને રાંનમાં વસનારા ગરીબ પારસીઓના હજારો રવાંનોને તેમની છેલ્લી આસાએસની જગા બંધાવી આપયાથી કેટલો મોટો સવાબનો હંબેરો પોંહોંચતો હશે તેનો બદલો હવે પછી પેલો આસમાંનનો પાદશાહ તમને બક્ષવાનો, પણ તેની અગાઉ આ સઘલી તમારી સખાવતના બદલામાં આપણું રક્ષણ કરનાર માહારાંણી કૈસરે હિંદે જે માંનઅકરાંમ તમને બખ્ખશીયુંછે તે વીશે મારી પ્રારથના તે કીરતાર આગલ એ છે જે તમો લાંબી ઉંમર સુધી તંદરોસતી સાથે વાપરો અને તમો તમારાં બચ્ચાંબાલા અને નબીરાઓનું સુખ ભોગવો.

જયારે કોઇ પારસી વારસા હીસ્સાનો દાવો કરી કોરટમાં જતા તયારે શેઠ માંણેકજી તેમને બોલાવી ઘણી માથાકુટ કરી તેઓને કોરટમાં ખરાબ થતા બચાવતા.

---

## શ્રી મુંબઈના નાચાર ઈરાંની જરતોશતીઓનું ફંડ.

સને ૧૮૫૧ ના શાલમાં ઉપલાં ખાતાંમાં એક તરસટીની જગા ખાલી પડી તેથી શેઠ માંણેકજી પીતીતને તે

ખાલી જગાપર મુકરર કીધા અને એજ સાલની તા૦ ૨૭ મી ડીઝેમબરે એ ખાતાંની મીટીંગમાં જાઇ સરનશીનની ખુરસીએ બીરાજયા. એવણ એ ખાતાંને બખશીસ તરીકે દર માસે અમુક રકમ આપતા હતા, એવણના આ ધરમખાતાંમાં દાખલ થવાથી ફંડને ઘણો ફાએદો થયો અને એ ખાતું સારી હાલતે પુગું, એ સરનશીનનો હોદ્દો પોતાની હયાતી તુલીક ઘણી સારી રીતે ચલાવતા રહયા.

---

## પારસીઓના ધારા,
### એમાં શેઠ માંણેકજી પીતીતની સરૂઆતની મેહેનત.

પારસીઓને ધારા બાંધવાનું કારણ એટલા ઉપરથી સુજ પડયું કે એક માતબર પારસી વગર વસીઅત કરવે ગુજરી ગયો તેથી તેના જમાઇએ પોતાની ધણીઆંણીનો વારસો લેવા સારૂં મરનારના દીકરાઓ ઉપર ફરીઆદી માંડી—ઇંગરેજી ધારા પ્રમાણે પોતાની ધણીઆંણીનો વારસો સાબેત કરી લઇ ગયો. એક તો આ સબબ, અને બીજો સબબ એ જે જયારેબી કોઇ કદાચ કોઇ પારસીના વારસા હીસ્સાનો ટંટો કોરટમાં જતો તયારે ઘણી વખત નયાયાધીસો કોરટના બારપરથી બખારતા હતા કે પારસીઓ પોતાના ધારા નથી બાંધતા તેથી ઇનસાફ કરવામાં જડજોને ઘણી અડચણ ખમવી પડેચ. એ ઉપરથી પારસીઓ પોતાને વાસતે ધારા બાંધવા તૈયાર થયા. એક દીવસ હેડવી હેંડબીલ કાહાડી, નશેસાલાર ફેરવી ન્હાની મોટી અંજુમન વાડીઆજી શેઠ હોરમનજી બમનજીના આતસબેહરાંમમાં બોલાવી, જયારે હાલમાં ખીચોખીચ લોક ભેગુ થયું તયારે કેટલાક સાહેબોએ વાંધો લીધો કે આ જગા ઘણી સાંકડી છે અને તેથી લોક સમાઇ શકતું નથી માટે એક બીજો દીવસ ઠરાવી શેઠ ફરામજી કાવસજી બનાજીવાલાં

આતસબેહરાંમમાં અંજુમન બોલાવો તે પ્રમાણે બીજો દીવસ ઠરાવયો. અને તા૦ ૨૦ મી આગસ્ટ ૧૮૫૫ ને રોજે બેહસતનશીન શેઠ કાવસજી બેહરાંમજી બનાજીના આતશબેહરાંમમાં જાહેર સભા મલી તાંહાં કારોબાર મંડલી ઠરાવી, બેહેસતી શેઠ નવરોજજી ફરદુનજી અને શેઠ સોરાબજી શાપુરજી બંગાલીને સેક્રેટરી નેમયા અને શેઠ માંણેકજી પીતીતના પ્રમુખપણા હેઠલ ધારાનું કાંમ આરંભયું. ઘણીથોડી મીટીંગોમાં શેઠ માંણેકજી પીતીત આવી શકયા એટલાંમાં બીમાર પડયા અને તા૦ ૨૧ મી મે ૧૮૫૯ ની રાતના બેહેસતનશીન થયા. સરૂઆતમાં શેઠ માંણેકજી પીતીતે જે મેહનત લીધી તે એ છે કે આપણા પારસી ગરહસ્થોને સમજ આપવામાં મેહનત પડી હતી તેનું કારણ એ જે ઘણાંખરા પારસીઓ એ કામને ઘણું બીકટ સમજતા હતા તેમાં કેટલાક અનુભવી શખ્સો તો કેહેતા હતા કે પારસીઓમાં સંપ ન મલે, એક કેહેશે આકરો તયારે બીજો કેહેશે ધતુરો એવાં કારણથી એ કાંમ અધવચ્ચ રસતે ભાગી પડશે, એવો વીચાર આંમલોકો મલતો ઘણાંએક અનુભવી પારસીઓનો પણ હતો.

આ ધારા બાંધવાની બાબતમાં શેઠ માંણેકજી પીતીતની કારકીરદી વધારે લખી શકતા નથી પણ અતરે એ પરમારથી શેઠીયાનું મરતયુક રાસ્ત ગોફતાર ઉપરથી નીચે ઉતારી લીજીએચ્ચ તેથી એવણની કીરતી વાંચનારના ધયાંનમાં ઉતરશે.

**રાસ્ત ગોફતાર**, તા૦ ૨૯ મી મેએ ૧૮૫૯.

## મરહુમ શેઠ માંણેકજી નોશરવાંનજી.

મુંબઈની પારસીઓની વસતીના એક જાણીતા અકાબર શેઠ માંણેકજી નોશરવાંનજી પીઠી કેટલાએક માસની સકત માંદગી ભોગવીને ૫૬ વરસની વયમાં ચાલતા મહીનાની તારીખ ૨૧ મીની રાતના ગુજરી ગયાછે, એ ગરહસત આજ થોડાંએક વરસ થયાં

દેશીઓની સંફમાં ઘણા વખણાયા હતા અને દેશીઓના ફાએદાના અને તેમાં અગત કરી પારસીઓના ફાએદાના કેટલાંક કાંમોમાં તેવણે કીમતી આગેવાની કરી હતી, શેઠ માંણેકજી પારસીઓને વાસતે ધારા બંધાવી મંગાવા સારૂ ઉભી થએલી સભાના સરનશીન તરીકે એ સભાને **ઘણો આસરો આપયો હતો** તથા ઇરાંન દેશના જરતોસતીઓની હાલત સુધારવાના ધરમખાતાંમાં તેવણ એક આગેવાન અને મેહનતુ મીજલસી (અને સરનશીન) હતા. "ઓરીએનટલ ઇસપીનીંગ કમપની" નામનું સુતર અને કાપડ વણવાનું કારખાનુ હમણા અતરે ચાલેછે તે ઉભું કરવાના કામમાં એ મરનાર ગરહસ્થે મુલદાર મદદ કરી હતી. પારસીઓમાં ઘેરગતુ કજીઆ સમાધાંણીથી ચુકવવાના કામમાં શેઠ માંણેકજી ઘણા **પરખ્યાત** હતા તથા એક ધરમાતુ પુરસ દાખલ પણ તેવણે સારી કીરતી મેલવી હતી. શેઠ માંણેકજીના ગુજરી જવાથી તેવણના બેહદ દોસતોને અતી ઘણી ગમગીની પોંચીછે.

---

## સર દીનશાજી માંણેકજી પીતીતનું જનમ વૃતાંત.

**સર દીનશાજીનો જનમ** રોજ ૩૦ મો અનેરાંન માહા ૯ મો આદર સને ૧૧૯૨ યજદેજરદી, યાને તા૦ ૩૦ મી જુન ૧૮૨૩, સવંત ૧૮૭૯ ના જેઠ વદ ૭ ને વાર શોમેને દને, શેઠ માંણેકજી નશરવાંનજી પીતીત અને શેઠ જીજીભાઇ દાદાભાઇનાં વડાં બેટી બાઇ હમાબાઇનાં શુભ લગનના પેહેલા પનોતા પુત્ર દાખલ કોટમાં હોરાબજાર સ્ત્રીટમાં આવેલાં એવોના મમાવા શેઠ જીજીભાઇ દાદાભાઇનાં ઘરમાં થયો હતો, અને તે દીવશથી ગણતાં એ શેઠનું હવડાં પોતાની જાહો-જલાલી ભરેલી અને જસવંતી જીંદગીનું પાંસઠમું વરસ ચાલેછે. તેવણની બચગીના વખતમાં તે સમેની પારસીઓની રીત પરમાણે તેઓએ ગુજરાતી કેલવણી અતરે "ખુંદા મેહતાજી" ને નામે તે વખતે પરખેઆત ગણાતા મેહેતાજીની નીશાલે

લીધા બાદ ૯ વરસની નાંધલી ઉમરથીજ સરજંટ સાઇજ નામના એક પેનશનરને હસતકથી અંગરેજીમાં કેલવણી લેતા થયા, અને પાછલથી તેઓએ મી૦ મેનવારીંગ અને મી૦ કથબરટની સકુલોમાં વધુ ગ્નાન મેલવયું હતું.

મરહુમ શેઠ માંણેકજી નોશરવાંનજી પીતીતને પેટે બે નામવર પુત્રો જનમેઆ હતા, જેમાં એક આ સર દીનશાજી અને બીજા તેમના એક ભાઇ શેઠ નોશરવાંનજી માંણેકજી પીતીત છે, કે જેવો સાહેબ પણ પોતાના નામવર ખાનદાંનનાં નામ અને માતબરી પરમાણે અતરે દર વરશે પોતાની તરફથી જુદો ધરમ અને સખાવત કરયા જાયછે. તેવો સાહેબબી ઘણા દીનચુસત, ધરમી અને સખી દેલના છે. તેવો સખાવતમાં મોટી મોટી રકમો આપેછે અને આજવેર શેઠ નોશરવાંનજીની સખાવતનોબી એકંદર સરવાલો સાડાપાંચથી છ લાખ રૂપીઆનો ગણાયછે. પરથમ તો આ બંધે ભાઇઓ ભાગમાં ધંધો ચલાવતા હતા કે જેની વીગત નીચે સર દીનશાજીનાં વૃતાંતમાં માલમ પડશે, અને તે પછે શેઠ નોશરવાંનજી રૂઉનાં કારખાના વીગેરેનો હાલ પોતાનો જુદો ધંધો ચલાવેછે. વલી આ શેઠના એકજ પુરા નામવર બેટા શેઠ જમશેદજી નશરવાંનજી પણ પીતીત ખાનદાંનમાં એક નામવર નર નીવડયાછે. તેવો સાહેબ જોકે માતબર કુટુંબમાં જનમેઆછે તોપણ અતરે વીદ્યા અભેઆસના એક જબરા સોખીન નીવડયાછે. તેવો અતયાર સુધીમાં ઘણાં જાહેર લખાંણો કરી ચુકા છે, ઘણીક ચોપડી-ચોપાંનીઆં અને ગરંથોમાં તેમનું લખાણ આવયા કરેછે તે ઉપરાંત તેવો સાહેબ વલી પોતાના વડીલોને પગલે ચાલવું કરીને અતેઆરથી સખાવતનો દશત પણ સારો લંબાવયા જાયછે. એઓએ પોતે ઘણીએક લાઇબ્રેરીઓમાં Donation આપયાંછે અને કેટલીએક મુવેલી લાઇબ્રેરીઓને સજીવન કરીછે.

**સર દીનશાજીનો ધંધો**—સને ૧૮૪૦ માં યાને ૧૭ માં વરશની ઉમરે સર દીનશાજી મી૦ ડાયરમ રીચમંડની કુ૦ ની હાફીસમાં પેહેલે રૂ૧૫) ને પગારે રહયા હતા, કે જે હાફીસમાં તેવણના પીતાજી મરહુમ શેઠ માંણેકજી મુખ્ય વહીવટ ચલાવતા હતા. એજ વખતે તેવણે પોતાને હીસાબે એજ પેહડીની મારફતે થોડો થોડો વેપાર ચલાવાને શરૂ કીધું હતું. આ મી૦ રીચમંડ તે વખતના યુરોપીયન વેપારીઓમાં એક ઘણોજ સાહાશીક આગેવાન ગણાતો હતો, અને જેમ પાછલા વખતમાં અતરે મીસીઅરસ નીકલની કંપનીવાલાઓ પોતાને અસતકથી માહાભારત વેપારી કામો ઉઠાવતા હતા, તેવાંજ મોહોટાં કામોમાં મુખ્ય આગેવાની મી૦ રીચમંડની હતી. તેવા બાહોશ 'સીનોર' અને તેની સાથે વેપારની બાબદોમાં સઘલી રીતે પક્કા અનુભવી કલ અને કુનેહવાલા પીતાની નજર હેઠલ કામે લાગેલા હોવાથી, પોતાના ચંચલ જેહેનની મદદથી તેઓ પોતે અનુભવી થવા લાગા, જેથી તેવણે દર માશે પંદર રૂપીયાને પગારે શરૂ કરેલી જીંદગી વધારે ઉપયોગી માલમ પડતાં તેમનો મુસારો રૂ૧૦૦) સુધીનો વધવા ઉપરાંત તેવણ પોતાનો ખાનગી વેપાર પણ તેજ પેહેડીની મારફતે સને ૧૮૪૦ થીજ શરૂ કરવા લાગા. ઉપલી પેહેડીમાંથી મી૦ રીચમંડ પોતે છુટો પડયો અને મીસીઅરસ રીચમંડની કંપનીને નામે એક નવી પેહેડી કાહાડી. તેમાં સર દીનશાજી વડા મેનેજર તરીકે રહીને પોતાના બાવાની વતી એ પેહેડીના ઈંગલંડ ખાતેના આડતયાઓ મીસીઅરસ જીયારજ રેનીની કંપની ઉપર અતરેથી "કનસાઇનમેંટો" મેલવીને મોકલવામાં રોકાયા. સને ૧૮૫૨ માં મીસીઅરશ રીચમંડની કંપની ભાગવાથી ઈંગલંડવાલા આડતીઆઓ મેસરશ જીયારજ રેનીએ અતરે પોતાનાં નામની એક જુદી પેહેડી કાહાડી. આ વખતે તેવણના પીતાજીને હસતક

મીસીઅરશ ડાયરમની કંપનીનું કામ ચાલુજ રહેલું હતું તેમજ આગલા વખતમાં એક બાહોશ વેપારી તરીકે જાણીતા થયલા મી૦ ડબલયુ. સીલરનું કામ પણ તે મરહુમ શેઠને હસતક આવયું હતું, અને તેમાં મીસીઅરશ રેનીની પેહેડીનું ત્રીજું કામ ઉમેરાયાથી તે સઘલાં કામોમાં માંણેકજી નશરવાનજીના છોકરાઓની કંપનીને નામથી દલાલીનું કામ ચલાવવામાં આવતું. તેમાં મીસીઅરશ ડાયરમની પેહેડીનું કામ શેઠ નશરવાંનજી માંણેકજી પીતીતને સોંફાયું હતું અને આ શેઠ પોતે રેની તથા સીલરની બે જુદી જુદી પેહેડીઓ ચલાવતા હતા. અતયાર સુધી આ પેહેડીઓ સંબંધી સઘલો વહીવટ સર દીનશાજી તેમજ શેઠ નશરવાંનજી પોતાના પીતાજીને હીસાબે ચલાવતા હતા, પણ સને ૧૮૫૯ ની તા૦ ૨૧ મી મેએ શેઠ માંણેકજીના હક થવા છતાં એ બેઉ સંપીલા સપુતોએ કેટલુંક સુધી રાસમાંજ કામ ચાલુ રાખવા પછી સને ૧૮૬૪ માં તે મરનાર મુરબ્બીની સુમારે ચોવીસ લાખની ભેગી મીરાસ તથા તે ઉપર પેદા કરેલો નફો સરખે હીસ્સે વેંહેંચી લઈને બંધે ભાયગશાલી ભાઈઓ રાજી ખુશીથી જુદા પડયા હતા. અમેરીકાની લડાઈના અરસામાં, રૂઉની અછત પડવાથી ઈંગલંડ તરફ ભાવમાં જે અસાધારણ નહી પણ સ્વપના સરખો ઉછાલો થયો હતો, તે અરાબામાં આ શેઠની દોલતમાં વધારો કરવાને માટે તેમની સાહુચેતી અને સમજથી શુભ સાધણો મલી આવયાં હતાં. તેજ અઈયામમાં મુંબઈ તરફ ઘસડાઈ આવેલી પઈસાની રેલની ખુમારીમાં અતરે પરપોતા કંપનીઓ ઉભી કરીને આંખ મીચીને સટ્ટો કરવાનું જે ઘેલાપણું ફેલાઈ રહેલું હતું, તેવા વખતમાં આ શેઠે નીયમીત રોજગાર અને પક્કી રૂખ ઉપર નજર રાખીને સથીર મને પોતાના અનુભવ ઉપર અમલ કરવાથી પોતાની દોલતને, ધીરધાર કરેલા નાણાં ખોહવા છતાં સાચવી શકયા

હતા. એટલુંજ નહી પણ મુંબઇના વેપારીઓ અને સાહુકારોના નુકસાનીમાં આવી ગયલા વહીવત અને બદનામીમાં આવી પડેલી આંત સંબંધી પેદા થયલી અધીરના વખતમાં તેવણને તાંહાં સચવાઇ રહેલી દોલતનો દરંગ નાધલા ડુંગરમાંથી એક પાહાડની બુલંદીએ પુગો. જોકે દોલતમાંથી દોલત વધારવાનું કામ સેહેલું તેમજ મુલ દોલત પેદા કરનારને મલતા જશ કરતાં ઓછા જશવાલું કેહેવાય, તાયપણ સને ૧૮૬૫ માં થયલી ઉથલપાથલના ઘભરાટ ભરેલા વખતમાં લોકોના શેરો ઉપર ધીરધાર કરવાથી તે શેરોનો હફતો ભરવામાં તથા ધીરેલાં નાણાં ડુબત ખાતે જતાં ઓછામાં ઓછી તરીસ લાખ રૂપયાની નુકશાની ખમવા છતાં, પોતાનું નાણું સાચવવું એજ મોહોટું મુશકેલ અને અતી ડહાપણ, તેમજ મકમ વીચારનું તે સાથે સારાં ભાએગનું કામ ગણાતું હતું. તેહવું ડહાપણ અને પક્કી સમજની સાબેતી આપનારા આ ટાપુના થોડાક નાણાવટીઓની સંફમાં સર દીનશાજીએ પોતાનું નામ ફતેહમંદી સાથ નોધાવીને આજ ફાયસ થયાછે.

**સર દીનશાજીની જાહેર જીંદગી** ઇ૦ સ૦ ૧૮૫૪ થી સરૂ થાયછે. એ સાલમાં એવણને નામદાર સરકારે પેહેલવેહેલા ગરાંડ જુરીમાં બેસવા લાયક એક અધીકારી ઠરાવયા હતા. ૧૮૫૫ માં એવણને જરથોસતીઓને માટે ધારા બંધાવી મંગાવવા સારૂ ઉભી કરેલી કારોબાર મંડલીના તથા તે પછી ૧૮૫૯ માં તેની સબ કમીટીના એક મેમબર નેમયા હતા. ઇ૦ સ૦ ૧૮૬૦ માં નામદાર સરકારે એવણને સુલેહના અમલદારનું માન આપયું હતું. વલી એજ સાલમાં મુંબઇ મધે કલકતા ખાતે વેપારની જીનસોપર લેવાતી જગાતની જે નવી "તેરીફ" ઠેડવી હતી તેજ ધોરણની તેરીફ ઠરાવવાને નામદાર સરકારે ૧૩ ઇંગરેજ, ૧ યાહુદી, ૩ મુસલમાન, ૧ હીંદુ અને ૧ પારસી–મલી ૧૯ વેપારી-

ઓની એક કમીટી નેમી હતી, તેમાંના પારસી તે સર દીન-
શાજી હતા. એજ સાલના જુલાઇ માસમાં એવણને સર
જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસટીટયુશનના
એક અધીકારી નેમયા, તથા એજ વખતથી મુંબઇની
પારસી પંચાતના ફંડના એક તરસટી નેમયાછે. સને
૧૮૬૦ માં અતરે નવી નીકલેલી "સેનટરલ બેંક ઓવ
વેસટરન ઇનડીયા" ના એવણ એક તરસટી, તથા જરતોસતી
છોકરીઓની નીશાલ મંડલીના એક કારોબારી ઠડયા હતા.
(કે જે મંડલીને નજદીક ૨૦ વરસ સુધી દર સાલ રૂ૧૨૫
ની મદદ કીધી હતી.) વલી એજ મુજબ કોટનાં ધરમનાં
દવાખાનાના પણ એવણ એ સાલથી તરસટી નેમાયા હતા.
એવો સાહેબ ૧૮૬૧ માં ઇરાંન દેશના રહેનારા ગરીબ જર-
થોસતીઓની હાલત સુધારવાનાં ફંડના એક તરસટી, તથા
૧૮૭૬ થી તે ખાતાંની કારોબાર મંડલીના સરનશીન નેમાયાછે.
ઇ૦ સ૦ ૧૮૬૨ માં એવણ "બોંબે આશોસીએશન" ની
કમીટીના એક અધીકારી, તથા ૧૮૭૮ થી તે મંડલીના
સરનશીન ઠડયાછે. ચેમબર આફ કામરસના એક મેમ-
બર નેમાયા હતા. ૧૮૬૪ થી એવણ અતરેનાં નાવારેસ
ઇરાંનીઓનાં ફંડના એક તરસટી નેમાયાછે. અને શેઠ
ખોરસેદજી નસરવાનજી કાંમાજીના ગુજરી જવાથી સરનશી-
નની જગા ખાલી પડવાથી એ નાચાર ઇરાંનીનાં ફંડના તર-
સટીઓએ એવણને સરનશીન દાખલ કબુલ રાખયા. ૧૮૬૫
માં મુંબઇ મધે પારસીઓને માટે સથાપેલી પારસી ચીફ
મેટરીમોનીયલ કોરટના નામદાર સરકારે પેહેલવેહેલા નેમેલા
૧૬ પારસી ડેલીગેટોમાં એવણ પણ એક હતા. ૧૮૬૮ માં
મુંબઇ બેંક પાછી નવેસરથી સથાપી તેના એવણ શરૂઆતથી
તે આજસુધી એક ડાયરેકટર છે. એવો રાયલ એસીઆટીક
સોસાઇટી, તથા સાસુન મેકાનીક ઇનસટીટયુટના મેમબર છે.

૧૮૮૫ થી મુંબઇની પરેસીડનસી આસોશીએશનના પરમુખ નેમાયાછે. ૧૮૮૬ માં મુંબઇની મયુનીસીપાલ કારપોરેશનના એક મેમબર દાખલ એઓની નેમણુક સરકાર તરફથી થઇ હતી. સને ૧૮૮૭ માં મુંબઇના શેરીફના ઓધાપર નામદાર સરકારે એમને નેમયાછે. એ ઉપરાંત સને ૧૮૫૯ થી સર દીનશાજી નીચે જણાવેલી મીલો, બેંકો તથા વેપારને લગતી કંપનીમાં અવારનવાર ડીરેકટર તથા બીજા ઓધેદાર થતા રહ્યા હતા:—

| | |
|---|---|
| ઓરીએનટલ સ્પીનીંગ. | વાલકરટ યુનાઇટેડ પ્રેસ કું૦. |
| હાઇડ્રાલીક પ્રેસ. | હેમ્પ એન્ડ જુત મીલસ કું૦. |
| કોલાબા લાન્ડ કંપની. | હેદરાબાદ (દખણ) સ્પીનીંગ. |
| માંણેકજી પીતીત સ્પીનીંગ. | મજગાંમ સ્પીનીંગ. |
| રાયલ બેંક. | મીલ ઓનર એસોસીએશન. |
| બરમા ત્રેડીંગ કુંપની. | ફરીયર લેંડ કુંપની. |
| બોમ્બે ત્રેડીંગ કુંપની. | ભરૂચ મીલસ કુંપની. |
| મુંબઈ બેંક. | બોમ્બે ડાઇંગ કુંપની. |
| બોમ્બે એકઝીબીશન. | રીપન ગોલડ માઇનીંગ કુંપની. |
| ઇસ્ટ ઇન્ડીઆ શીપીંગ. | અલાએનસ સીલક મીલસ એન્ડ મેન્યુફેકચરીંગ કુંપની. |
| મજગાંમ લેંડ કુંપની. | |
| પોરટ કેનીંગ કુંપની. | ફરાંમજી પીતીત સ્પીનીંગ એન્ડ મેન્યુફેકચરીંગ કુંપની. |
| નીકલ પ્રેસ એન્ડ મે૦ કું૦. | |
| બોમ્બે શા મીલસ. | ગોરડન મીલસ કુંપની. |
| બોમ્બે ફાયર ઇનસુરનસ કું૦. | સાસુન એંડ એલાએનસ. |
| આલબરટ મીલસ કુંપની. | યુનાઇટેડ મરચંટસ કુંપની. |
| વીકટોરીયા મીલસ કુંપની. | રીપન પલાનટીંગ કુંપની. |

**સર દીનશાહજીની સખાવત**—૧૮૫૬ માં એવણ તથા શેઠ નશરવાંનજીનાં નામથી એમના પીતાએ મુંબઇ મધે મેદાનમાં બે મોટા કુવા બંધાવયા હતા. જેમાંનો એક મી૦ કાનનવાલી સકુલને અશતક છે તથા બીજો એક હજી સુધી

મેદાનમાં મોજુદ છે. ૧૮૫૯ માં પોતાના બાપના મરણ વખતે એવણે રૂ૨૫૦૦૦) ની એક રકમ સખાવતનાં કામોને માટે એલાહેદી કાહાડીછે. અને તયારપછે આજવેર ઉપર કહેઆ મુજબ ૧૨ થી તેર લાખ રૂપીઆની સખાવત કરતા આવયાછે, જેમાંની થોડીક મુખીય અને અગતની સખાવતોની વીગત નીચે આપીએછે :—

ઈ૦ સ૦ ૧૮૬૧ માં સર દીનશાજીએ પુણા મધે ગરીબ લોકોને પાણી પોંહોંચતું કરવાને રૂ૩૦૦૦૦) ને ખરચે ચાર મોટી હોજો બંધાવેલી હાલ મોજુદ છે. આગલા વખતમાં બાજીરાવ પેશવાનો રૂપરાંમ ચોધરી નામે શુબો બાહેરથી મોટો નલ બાંધી લાવી તેમાંથી શેહેરમાંના લોકોને પાણી વાપરવાને આપતો હતો. તેનો ૯ ઇંચનો એક નલ સર દીનશાજીની ભવાની પેંટની વાડીમાંથી પસાર થાતો હતો, જે મધેથી એવણે એક તસુની નલીનો હક તેના વારેસોને અમુક રકમ આપી વેચાતો લીધો, અને તે વડે ઉપલી હોજોમાં પાણી આવેછે. એ ચાર હોજોમાંથી ૧ હીંદુઓને, ૧ મુસલમાનોને, ૧ હલકી ગ્નાતના લોકોને, અને હલાલખોરોને વાપડવાને ખુલ્લી છે.

૧૮૬૩ માં એવણે મરહુમ હાડવઇદ ભીમજી જીવણજી રાંડેલીયાને મદદ આપવાને બીજા બે પારસી ગરહસથો સાથે મલી એક ફંડ ઉભું કીધું હતું, અને તેમાં પોતે જાતે મેહેનત કરી રૂ૬૦૦૦૦) સુધીની એક મોટી રકમએકઠી કીધી.

અહમદનગર શેહેરમાં ઉનાલાના દીવસોમાં પાણીની ઘણી તાણ ચાલવાથી તે તરફના નાગાબાઇ નામના ઝરાના આગલા મુસલમાન પાદશાહોના વખતમાં બંધાવેલા નલોને દરૂસત કરાવી તે વતી શેહેરમાં પાણી પોંહોંચતું કરવાને એવણે ૧૮૭૧ નાં શાલમાં સરકારને રૂ૧૫૦૦૦) ની રકમ ભેટ આપી હતી. આ રકમમાં બીજી એટલીજ રકમ સરકારે ઉમેરી તે નલોને દરૂસત કરાવી ઉપલા નાગાબાઇના ઝરા

સાથે સાંધી લીધા, તથા જુદે જુદે ૧૭ ઠેકાણે પાણીના ફરંજાની કુંડીઓ બંધાવેલી હાલ મોજુદ છે. આથી શેહેરના એક તરતીયાંઉશ ભાગને પાણી મુફત મલવા લાગું. એવણની આ સખાવતની યાદગારી કાયમ રાખવા માટે અહમદનગરની મયુનીસીપાલીટીએ તયાંનાં પારસીઓની દરેમેહેરની સાંબે એક મોટો કારંજો રૂ૬૨૦૦) ને ખરચે બંધાવી તેનું નામ "પીતીત કારંજા" કરી રાખયુંછે. તથા તેની એક બાજુપર ઘટતા લેખની તખતી પણ કોતરાવીછે. એજ સાલમાં એવણે વલસાડ મધે "પીતીત ચેરીટેબલ ડીસપેનસરી" ને નામે એક ધરમનું દવાખાનું નામદાર સરકારની મારફતે ઉઘાડયુંછે. વલી એજ સાલમાં ઇરાનના દુકાલથી અતરે નાહાસી આવેલા સેંકડો ઇરાંનીઓને એવણે મદદ કરી હતી તથા તેઓની પરવરસી કરવા માટે કેટલીક મુદત સુધી રૂ૧૨૫) નો દરમાયો આપતા કીધો હતો.

ઇ૦ સ૦ ૧૮૭૩ માં રતનાગીરી મધે રગતપીતના દરદીઓને માટે એક આસપીટલ પોતાનાં નામથી બાંધવાને એવણે સરકારમાં રૂ૧૫૫૦૦) આપયાછે. એજ સાલમાં ચીચન તારાપોર મધે "બાઇ સાકરબાઇ ચેરીટેબલ ડીસપેનસરી" ના નામથી એક ધરમનું દવાખાનું રૂ૧૦૦૦૦) આપી સરકારની મારફતેજ ઉઘાડયુંછે. વલી એજ સાલમાં મુંબઇ મધે ચોપાતીના ડુંગર ઉપર દોખમાંઓની સાંબે પોતાના મરહુમ બાવાજીના નામથી એક કુસાદે સગડી રૂ૧૫૦૦૦) ખરચી બંધાવીછે અને તેની મરામત તથા ચેરાગ કાઠીના ખરચ સારૂં રૂ૫૦૦૦) પંચાતમાં આપયાછે. ૧૮૭૪ માં ચીકલી મધે એક ધરમનું દવાખાનું પોતાના નામથી સરકાર મારફતે ઉઘડાવયુંછે, તથા તયાંના દેસાઇવારમાં એક મોટો કુવો બંધાવી આપયોછે.

૧૮૭૭ માં હીંદુસથાનના નામદાર વાઇસરાયે દીલ્લી ખાતે ભરેલી બાદશાહી દરબારમાં એવણ બીરાજ્યા હતા, અને તે તકનો લાભ લઇ હીંદુસથાનના ઘણાક મુલકોમાં ફરી આવયા હતા તથા તે પરસંગે કલકતાના જરથોશતી અંજુમનનાં ફંડમાં કેટલીક મદદો કરી હતી. ૧૮૭૮ માં નવસારી મધે દોખ્માંઓની સાંમે પોતાના મરહુમ માતાજીનાં નામથી એક મોટી સગડી રૂ૧૦૦૦૦ ને ખરચે બંધાવી આપીછે.

એજ સાલમાં એવણના કુટુંબમાં બે માઠા બનાવ બનયા હતા અને તેમાં પેહેલાં એવણના બેટી બાઇ ગુલબાઇ અને તે પછી વડા દીકરા શેઠ કાવસજી ૩૩ વરસની ઉમરે હક થયા. છેલ્લા બનાવથી એવણના કુટુંબમાં ઘણી મોટી દલગીરી ફેલાઇ હતી અને તે દલગીરીમાં પારસીની આખી કોમે ભાગ લીધો હતો. એ બંને ફરજંદોનાં ઉઠમણાં વેલાએ એવણે તથા એવણનાં કુટુંબે રૂ૧૦૫૦૦) તથા રૂ૩૩૨૦૦) ની રકમો ધરમખાતે આપીછે. વલી બીજી સાલ યાને ૧૮૭૯ માં મરહુમ કાવશજીના વડા દીકરા ભાઇ મેહેરવાનજી હક થવાથી તે વખતે પણ રૂ૧૧૦૦૦) ધરમ ખાતે અપાયાછે.

૧૮૮૧ માં લીમડી મધે એક દવાખાનું બાંધવાને રૂ૫૦૦૦) સરકારને આપયા, અને તેનું નામ "દીનશાજી માંણેકજી પીતીતનું પોતાની મરહુમ દીકરી બાઇ ગુલબાઇની યાદગારીને માટેનું ધરમનું દવાખાનું" એ પરમાણે રાખ્યુંછે. વલી એજ સાલમાં ઉમરગામ મધે એક દવાખાનું બાંધવાને રૂ૧૦૦૦૦) સરકારમાં આપયા, અને તેનું નામ "દીનશાજી માંણેકજી પીતીતનું પોતાના મરહુમ દીકરા કાવશજી દીનશાહ પીતીતની યાદગારીને માટેનું ધરમનું દવાખાનું" કરી રાખવાનો બંદોબસત કીધો હતો. એજ સાલના નવેમબર માસમાં એવણ તથા લેડી સાકરબાઇએ મલી રૂ૧૦૦૦૦) મુંબઇની પારસી પંચાયતના તથા નાવારેસ

ઈરાનીઓના ફંડના ટરસટીઓપર તેઓને હસતકની ધરમ-શાલામાંનાં ગરીબ જરથોસતીઓ તથા ઈરાંનીઓને દર સાલ એમની દીકરી મરહુમ બાઈ ગુલબાઈની બાજને દીને જમા-ડવા, વગેરેનાં કારણસર આપયાછે. એજ સાલમાં ઈરાંન દેશનાં યજદ તથા કેરમાંનનાં આતશબેહેરાંમોમાં જાથુક કાઠી પોંહોંચાડવા તથા ચેરાગ જારી રાખવાનાં કારણસર રૂ૩૦૦૦) ઈરાંનીઓની હાલત સુધારનારી મંડલીને આપયાછે. એની ઘણું આગમજના એવણ એ બંધે આતશબેહેરાંમોના ખરચ સારૂં દર સાલ રૂ૬૦) ઈરાંન મોકલયા કરતા હતા.

ઈ૦ સ૦ ૧૮૮૩ માં એવણે અતરેની જાનવરો ઉપ-રનું ઘાતકીપણું અટકાવનારી મંડલીને પરેલ મધેની પોતાના મમાવા મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈવાલી મોટી વાડી તથા તેને લગતી આશરે ૪૦૫૦૦) વાર જમીન રૂ૪૫૦૦૦) ની કીમતે ખરીદ કરી તે મધે દરદી તથા અશકત જાનવરોની ઘટતી રીતે સારવાર કરવાને એક આસપીટલ—"બાઈ શાકરબાઈ દીનશાહ પીતીત આસપીટલ ફોર એનીમલસ" એવાં નામથી સથાપવાને ભેટ આપીછે, અને તે પાછલ બીજો રૂ૫૦૦૦) નો ખરચ તેવણને થયો હતો. આ જગોપર તે મંડલીએ જાનવરોની આસપીટલને લાયકનો ઘટતો ફેર-ફાર કરાવી તે તા૦ ૧૦ મી ડીસેમબર ૧૮૮૪ ને દીને હીંદુસતાનના નવા ઠડેલા વાઈસરાય લારડ ડફરીનને હાથે ખોલ્લી મુકાવી હતી, તથા તા૦ ૧ લી ડીસેમબર ૧૮૮૫ થી તેમાં જાનવરોની સારવાર કરવાનું કામ સરૂ કરવામાં આવયુંછે, એજ સાલના જુલાઈ માસમાં સુરત મધે આવેલી ભયંકર રેલથી નાશ પામેલાઓના આશરાને મારે એવણ શેઠની આગેવાની હેઠલ એક મોટું ફંડ થયું હતું, અને તેમાં એવણે રૂ૫૦૦૦) ની રકમ ભરી હતી. આ રેલ વખતે રાંદેલ તથા ગોદાવરાં ગામોમાં એવણે જે કીમતી મદદ

કરી તેનું હેશાંન માનવા તયાંના રેહેવાસીઓ તરફતું એક માનપતર એમને એજ સાલના નવેમબર માસમાં પોંહોંચાડવામાં આવયું હતું. ઇ૦ સ૦ ૧૮૮૪ માં એવણે વાંદરાનાં બજારમાં એક મોટો કુવો બંધાવી ધરમખાતે આપયોછે. એજ સાલમાં હીંદુસથાનના વીદાય થતા વાઇસરાય નામદાર લારડ રીપનની યાદગારીને માટે મુંબઇમાં "ટેકનીકલ કાલેજ" સથાપવાને જે મોટું ફંડ ઉભું થયું હતું તેમાં એવણે સરવેથી મોટી રૂ૭૦૦૦) ની રકમ ભરીછે. એજ સાલમાં અતરેની કાંદાવાલા મોહોલા રીડીંગરૂમ એંડ લાઇબરેરીને એવણે રૂ૩૦૦૦) ની મદદ કરયાથી તે ખાતાનું નામ "દીનશાહજી પીતીત કાંદાવાલા મોહોલા તથા ભરૂચા મોહોલા લાઇબરેરી" કરી રાખવામાં આવયુંછે.

સને ૧૮૮૫ નાં સાલમાં એમનાં એક બેટી બાઇ રતનબાઇના ઉઠમણામાં રૂ૨૩૬૦૦) એવણે તથા એવણનાં કુટુંબે ધરમખાતે આપયાછે. ઇ૦ સ૦ ૧૮૮૬ માં એવણે વસાઇ મધે પોતાનાં નામનું એક ધરમનું દવાખાનું ઉઘાડવા માટે સરકારને રૂ૧૧૫૦૦) ભેટ આપયાછે. એજ સાલમાં અતરે સથાપેલી નવી ફરેંચ કલબ "સરકલ લીટેરેર" ના પુસતકખાનાને માટે એવણે રૂ૩૦૦૦) ભેટ આપયાથી તે પુસતકખાનાંનું નામ "બાબલોથેક દીનશાહ પીતીત" કરી રાખવામાં આવયુંછે. વલી એજ સાલમાં થાણા જીલ્લામાં આવેલાં મોરબાદના ગામમાં પોતાના નામનું દવાખાનું ઉઘાડવા માટે સરકારને રૂ૧૦૦૦૦) ભેટ આપયાછે. એજ સાલમાં એવણના એક નબીરા ભાઇ અરદેશર કાવશજી પીતીતના ઉઠમણામાં એવણનાં કુટુંબે રૂ૫૨૫૦૦) ની રકમ ધરમ ખાતે આપીછે, અને તે મધેથી રૂ૧૧૦૦૦) ની રકમનું તંગદસત હાલતમાં આવેલા જરથોસતીંઓને આસરો આપવાનું એક નવું ફંડ પંચાતના તરસટીઓ

હસતક ઉભું કીધુંછે. એ સાથે આપણી પારસી પંચાતને અસતેકનાં જુદાં જુદાં ફંડો મધે આંજવેર એવણ પોતે, લેડી શાકરબાઇ તથા ફરજંદોના નામના નોંધાયલા રૂપીઆ જે ઉપર કહયા મુજબ જુદી જુદી વખતે ભરેલા તેની સાંમટી વીગત પારસી પંચાએતનાં દફતરમાં નીચે મુજબ નોંધાયલી છેઃ—

૧૫૦૦૦) શેઠ દીનશાજી માંણેકજી પીતીતે પોતાનાં છોકરાંઓની શેહાદી કીધી તેની ખુશાલીમાં આપેલા.

૬૦૦૦) શેઠ દીનશાજી માંણેકજી પીતીતે પોતાના મરહુમ મુરબીજી શેઠ માંણેકજી નશરવાંનજી પીતીતનાં પુનને સારૂં મુંબઇનાં ચોપાતીનાં દોખમાંઓનાં ડુંગર ઉપરની સગડી બાંધી આપીછે તે ઠેકાંણે ચેરાગ તથા આતશ-રોશન રાખવા તથા સગડીની મરાંમત કરવાને સારૂં આપેલા રૂપીઆના ખાતાંની અસલ આપેલી નોટ ૧) રૂપીઆ ૫૦૦૦) ની તથા તેનાં વધારા મધેથી ખરીદ કીધેલી નોટ ૨) રૂ૧૦૦૦) ની મલીને નોટ ૩) રૂ૬૦૦૦) ની.

૫૦૦૦) શેઠ દીનશાજી માંણેકજી પીતીતે પોતાની દીકરી બેહે-સ્તનશીન બાઇ ગુલબાઈ તે શેઠ રૂસતમજી નાનાભાઈ બેરાંમજીના ધણીઆણીનાં પુનને સારૂં કીધેલા ધરમ-ખાતાંની નોટ ૧) રૂ૫૦૦૦) ની.

૨૨૫૦૦) બેહેસતનશીન શેઠ કાવશજી દીનશાજી પીતીતનાં પુનને સારૂં એવણના બાવા તથા બેશીઓએ કીધેલાં ધરમ ખાતાંની નોટ ૧) રૂ૨૨૫૦૦) ની.

૧૦૦૦૦) બેહેસ્તનશીન શેઠ મેરવાંનજી કાવશજી દીનશાજી પીતી-તનાં પુનને સારૂં કીધેલાં ધરમ ખાતાંની નોટ ૧) રૂ૧૦૦૦૦) ની.

૫૦૦૦) શેઠ ફરાંમજી દીનશાજી પીતીતે પોતાના છોકરા જીજી-ભાઈની નવજોત કીધી તેની ખુશાલીમાં આપેલા રૂપી-આનાં ધરમ ખાતાંની નોટ ૧) રૂ૫૦૦૦) ની.

૫૦૦૦) બેહેસ્તનશીન બાઈ ગુલબાઈ તે શેઠ રૂસતમજી નાના-
ભાઇ બેરાંમજીનાં ધણીઆણીનાં પુનને સારૂં તેવણુના
બાવા શેઠ દીનશાજી માંણેકજી પીતીતે તથા તેવણુના
માતાજી બાઈ હભાઇજી ફરાંમજી પાંડેએ કીધેલાં ધરમ
ખાતાંની નોટ ૧) રૂ૫૦૦૦) ની.

૧૨૫૦૦) બેહેસ્તનશીન બાઈ રતનબાઇ દીનશાજી પીતીત તે શેઠ
ફરાંમજી દોરાબજી પાંડેના ધણીઆંણીનાં પુનને સારૂં
તેવણુના બાવા તથા એશીઓએ કીધેલાં ધરમ ખાતાં-
નાં પોરટતરસટ બાંડની નોટ ૫) રૂ૧૨૫૦૦) ની.

૩૦૫૦૦) શેઠજી સાહેબ દીનશાજી માંણેકજી પીતીતના છોકરાના
છોકરા ભાઈ અરદેશર કાવશજી પીતીતનાં ઉઠમણામાં
તનદરેશતી ભણાવી પંચાએતનાં ધરમનાં ફંડોમાં
આપવા જણાવેલા રૂ૩૦૫૦૦ ની પોરટ ટરસતના
બાંડની નોટ ૭) હાલ આપીછે તે.

૫૦૦૦) શેઠજી સાહેબ સર દીનશાજી માંણેકજી પીતીત નાઇટે
પોતાના છોકરાના છોકરાઓની નવજોત કીધી તેની
ખુશાલીમાં પંચાએતનાં ફંડ ખાતે આપવા જણાવેલા
રૂ૫૦૦૦).

૫૦૦૦) શેઠ બમનજી દીનશાજી પીતીતે પોતાનાં છોકરાંઓની
નવજોત કીધી તેની ખુશાલીમાં પંચાએતનાં ફંડ ખાતે
આપવા જણાવેલા રૂ૫૦૦૦).

૧૦૦૦) શેઠ બમનજી દીનશાજી પીતીતે પોતાના બેહેસ્તન બેહેન
બાઇ ગુલબાઇ તે શેઠ રૂસતમજી નાનાભાઈ બેરાંમજીનાં
ધણીઆણીનાં પુનને સારૂં "પંચાએતના જનરલ
ધરમનાં ફંડ" ખાતે આપેલી નોટ ૧) રૂ૧૦૦૦) ની.

૧૧૦૦) શેઠ દીનશાજી માંણેકજી પીતીતની દીકરીઓ બાઇઓ
ભીખાઇજી, નવાજબાઇ, રતનબાઈ, હમાંબાઈ, હીરાં-
બાઈ, માણેકબાઇ ને બચુબાઇએ પોતાનાં બેહેસ્તન બેહેન
બાઇ ગુલબાઈ તે શેઠ રૂસતમજી નાનાભાઇ બેરાંમજીનાં
ધણીઆંણીનાં પુનને સારૂં પંચાએતનાં શેહનશાહી
ધહમબારનાં ફંડ ખાતે આપેલી નોટ ૨) રૂ૧૧૦૦) ની.

૧૦૦૦) શેઠ કાવશજી દીનશા પીતીતે પોતાનાં બેહેસ્તન બેહેન બાઈ ગુલબાઈ તે શેઠ રૂસતમજી નાનાભાઈ બેરાંમજીનાં ધણીઆંણીનાં પુનને સારૂં "મુંબઈનાં આંધલાં પાંગલાં તથા લાચાર જરથોસતીઓની પરવરશી કરવા માટે પગાર આપવાનાં ફંડ" ખાતે આપેલી નોટ ૧) રૂ૧૦૦૦) ની.

૧૦૦૦) શેઠ માંણેકજી કાવશજી દીનશાજી પીતીતે તથા બાઈ બચુંબાઇ દીનશાજી પીતીત તે શેઠ મેરવાંનજી સોરાબજી જમશેદજી જીજીભાઇનાં ધણીઆણીએ પોતાના સસરા શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇનાં પુનને સારૂં "મુંબઇમાં આંધલાં પાંગલાં તથા લાચાર જરથોસ્તીઓની પરવરશી કરવા માટે પગાર આપવાનાં ફંડ" ખાતે આપેલી નોટ ૧) રૂ૧૦૦૦) ની.

૫૦૦) શેઠ દીનશાજી માંણેકજી પીતીતે પોતાના દોસ્ત શેઠ ફીરોજશાજી શાપુરજી કેમેસરીવાલા શ્રી સુરત મધે હક થયા તેવણનાં પુનને સારૂં "કુલ જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોહોંચાડવાનાં ફંડ" ખાતે આપેલી નોટ ૧) રૂ૫૦૦) ની.

૧૦૦૦) શેઠ દીનશાજી માંણેકજી પીતીતે મરહુમ શેઠ મેરવાંનજી ફરાંમજી પાંડેનાં પુનને સારૂં "કુલ જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોહોંચાડવાનાં ફંડ" ખાતે આપેલી નોટ ૧) રૂ૧૦૦૦ ની.

૧૦૦૦) શેઠ દીનશાજી માંણેકજી પીતીતે અમદનગરનાં જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોહોંચાડવાના ફંડ ખાતે આપેલી નોટ ૧) રૂ૧૦૦૦) ની.

૧૦૦૦) શેઠ ફરાંમજી દીનશાજી પીતીતે પોતાનાં બેહેસ્તન બેહેન બાઈ ગુલબાઈ તે શેઠ રૂસતમજી નાનાભાઈ બેરાંમજીનાં ધણીઆંનીનાં પુનને સારૂં "મુકતાદને તાંકણે દેશાવરો ખાતેનાં ગરીબ જરથોસ્તીઓને રૂપીઆ વેંહેંચી આપવાનાં ફંડ" ખાતે આપેલી નોટ ૧) રૂ૧૦૦૦) ની.

૫૦૦) શેઠ દીનશાજી માંણેકજી પીતીતની વહુઓ બાઈ આવાં-બાઈ તે શેઠ કાવસજીનાં ધણીઆંણી તથા બાઈ આવાં-બાઈ તે શેઠ ફરાંમજીનાં ધણીઆંણી અને ગુલબાઈ તે શેઠ બમનજીના ધણીઆંણી, એઓએ પોતાનાં નણંદ બાઈ ગુલબાઈ તે શેઠ રૂસતમજી નાનાભાઈ બેરાંમજીના ધણીઆંણીનાં પુનને સારૂં "શ્રી નવસારીનાં આંધલાં પાંગલાં તથા લાચાર જરથોસ્તીઓને આશરો આપવાનાં ફંડ" ખાતે આપેલી નોટ ૧) ૩૫૦૦) ની.

૫૦૦) શેઠ દીનશાજી માંણેકજી પીતીતે શ્રી સુરતની જરથોસ્તી ફારસી મદરેસાનાં ફંડ ખાતે આપેલી નોટ ૧) ૩૫૦૦) ની.

૨૦૦૦) શેઠ દીનશાજી માંણેકજી પીતીતે પોતાના બેહેસતનશીન દીકરા શેઠ કાવસજી દીનશાજી પીતીતનાં પુનને સારૂં "આંધલાં પાંગલાં તથા લાચાર જરથોસ્તીઓને ધરમશાલામાં રાખીને પરવરશી કરવાનાં ફંડ" ખાતે આપેલી નોટ ૧) ૩૨૦૦૦) ની.

એ વીગતે મુંબઈની પારસી પંચાએતને હસતકનાં ધરમખાતાંઓમાં આજવેર સર દીનશાજી અને તેમનાં કુટુંબ તરફથી કુલે ૧,૩૨,૦૦૦) એક લાખ ને બતરીસ હજારની એક નાદર રકમ આપવામાં આવીછે.

એ ઉપરાંત સર દીનશાજી મુખતાદને ટાંકણે આસમાંનની ગરદેશમાં ફસી પડેલા ઘણાંએક આબરૂદાર કુટુંબોને છુપી રીતે આસરો આપતા જાયછે તે સીવાય ઘણાં પારસીઓ ઉપર અચણુચો અને નધારેલો ખરચ આવી પડેછે તયારે સર દીનશાજી તથા એવણના ભાઇ શેઠ નોશરવાંનજી મોટી રકમો આપી પેલા આબરૂદાર માંણસનું ટાંકણું સાચવી લેતા આવયાછે અને વલી કોઇ કોઇ વખતે કાંઇ નવાં ફંડ ઉભાં થાયછે તો તેમાં મોટી મોટી રકમો ભરી આપેછે જેથી ફંડનું પઇડું આગલ ચાલેછે જેમ કે અઢી વરસપર કસરત-

શાળા સ્થાપક મંડલીના કારોબારીઓએ ઇમારત બાંધવાનું ફંડ ઉભું કીધું તેમાં સર દીનશાજીએ રૂ૨૨૫) તથા શેઠ નોસરવાંનજીએ રૂ૧૦૦) ભરી આપી એ ફંડને ટેકો કરી આપયો.

**સર દીનશાજીને મલેલો સર-નાઇટનો ખેતાબ—** સને ૧૮૮૭ ના ફેબરવારી માસની ૧૬ મી તારીખે, નામવર કયસરે હિંદની "જુબીલી" નો તેહેવાર હીંદુસ્થાનમાં પાલવામાં આવયો હતો તે દીને લોકોને મલેલા ખેતાબોનું કલકતાની વડી સરકારનું જાહેરનામું જે સરકારી ગેઝેટમા તેજ દીને પ્રગટ કરવામાં આવયું હતું તેમાં સર દીનશાજીને એ ખેતાબ બખ્ખશવાનું જણાવયું હતું. એ વીશેની પેહલવેહલી ખુશખબરી, "જુબીલી" ને મારે મુંબઇના જરથોસતીઓએ એ દીને પોતાની તરફનું એક જાહેર જશન શેઠ હોરમજજી બમનજી વાડીઆજીનાં આતશબેહરાંમમાં કીધું હતું તે જશનની કીરીઆની મીજલસમાં સર જમશેદજી જીજીભાઇ બેરોનેટે કહી સંભલાવી હતી. તેવો બોલયા કે મારાપર તથા સર દીનશાજી પીતીત ઉપર કલકતેથી ખાનગી તાર આવયાછે તેમાં સર દીનશાજી પીતીતને સર નાઇટનો ખેતાબ બખ્ખશવાનું જણાવયુંછે, તે મારે એવોને મુબારકબાદી આપુંછું. આ સખુનો સાંભલી તે જગોએ મલેલા લોકોની ખુશાલીનો પાર રહયો નહી હતો અને તે પછી તે વાત બધે ફેલાઇ ગેઇ હતી. એ પછી એને બીજે દીને જરથોસતી ધરમ ઉપર એતેકાદ વધરાવનારી મંડલીએ એક બીજું જુદું જુબીલીનું જશન કીધું તેના ખાંણાંની મીજલસમાં સર દીનશાજી બીરાજીઆ હતા.— તે મીજલસમાંબી એવોને મલેલા ખેતાબની મુબારકબાદી ચાહાવામાં આવી હતી. સર દીનશાજીને સર નાઇટનો ખેતાબ બખ્ખશવામાં આવયો તેની સરકારી સનદ અથવા "લેટરસ પેટંટ" પારચમેંટનાં મોટાં કાગલ ઉપર લખેલી,

ઈંગલંડની સરકાર તરફથી હીંદુસથાનનાં ગવરનર જનરલ ઉપર મોકલેલી, તે મુંબઇની સરકારની તરફથી તા૦ ૩ જી જુનનો લખેલો પત્ર લઇ મુંબઇના પોલીટીકલ ડીપારટમેંટના સુપરીનટેનડેનટ મી૦ મેરવાંનજી નસરવાંનજી વાડીઆ તા૦ ૧૪ મી જુન ૧૮૮૭ ને દીને સર દીનશાજીને મકાંને પોંહોંચાડી આવ્યા હતા. આ સનદ પારચમેંટ ઉપર મોટા અક્ષરે લખેલીછે અને તેની આજુબાજુએ બારડર પાડી ઉપરથી વચોવચમાં અંગરેજ સરકારનો "કોટ આફ આરમ" અને બીજી રાજની નીશાંનીઓ તથા સબી પાડેલીછે, જેના ઉપર તીસ પાંઉંડનો સ્ટાંપ ધારા પ્રમાણે મારવામાં આવયોછે. આ સનદની સાથે છુંટું બાંધેલું એક તમાંમ લાખનું બનાવેલું મોટું સીલ છે. આ સનદની અસલ નકલ નીચે મુજબની છે:—

VICTOIA BY THE GRACE OF GOD of the United Kingdom of Great Britain and Ireland, Queen, Defender of the Faith. To all to whom these Presents Shall Come Greeting, Know Ye that We of our especial Grace certain knowledge and mere motion have given and granted and by these Presents Do give and grant unto Our trusty and well beloved Dinshaw Maneckjee Petit Esquire Sheriff of Bombay, the degree title honor and dignity of a Knight Bachelor together with all rights precedences privileges and advantages to the same degree title honor and dignity belonging or appertaining. In Witness whereof We have caused these our Letters to be made patent Witness ourself at Westminister the Sixteenth day of Febuary in the Fiftieth year of our reign.

By Warrant under the Queen's sign Manual.

MUIR MACKENZIE.

---

## પારસી પંચાતનાં ધરમનાં ફંડનાં ટરસટીઓએ સર દીનશાહજી પર લખેલો પતર તથા પંચાતનાં દફતરમાં એવોને માટે કરેલી નોંધ.

(સને ૧૮૮૭ નો નંબર ૧૮૮.)

પારસી પંચાએતનાં ધરમનાં ફંડ તથા
મીલકતોનું ટરસત ખાતું.

શ્રી મુંબઇ, તા૦ ૨૫ મી એપરેલ ૧૮૮૭.

**નેકનામ શેઠજી સાહેબ, સર દીનશાહજી માણેકજી પીતીત, નાઈટ જોગ,**

સાહેબ—જત તમો સાહેબની લાયકી તથા ઓહોલી સખાવતનાં બદલામાં આપણી બખતાવર માહરાણી વીકટોરયાની તરફથી રોજ ૨ જો માહ ૬ ઠો શેહેનશાહી સને ૧૨૫૬ યજદજરદી, તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૮૭, સંવત ૧૯૪૩ નાં માહ વદ ૯ ને બુધવારને દીવસે નાઇટહુડનો માન ભરેલો ખેતાબ બખશવામાં આવયો તે વીશે તમારા હમસરીક ટરસટીઓ તરીકે હમોને ઘણી ખુશાલી ઉપજી છે અને તે બાબે હમારાં ખરાં જીગરથી તમો સાહેબને હમો મુબારકબાદી આપીએ છીએ.

એ ખેતાબ લાંબી મુદત સુધી પુરતાં સુખ અને તંદરોસ્તી સાથે જીવીને તમો સાહેબ ભોગવો એવી હમારી ખરાં જીગરની દુવા પાક ખોદાતાલાની જનાબમાં છે તે આમીન હોજો.

એ ખેતાબ તમો સાહેબને એનાયત થયો તેની બાબદમાં તા૦ ૨૫ મી એપરેલ ૧૮૮૭ ને દીને હમો ટરસટીઓની મલેલી મંડલી મધે ખાસ ઠરાવ કરીને ઘટતી નોંધ પંચાએતનાં દફતરમાં દાખલ કીધી છે તેની એક નકલ હમારી સહી

સુધાંની ભાઇ નશરવાંનજી બેહરાંમજી સેક્રેટરીની મારફતે તમો સાહેબ ઉપર મોકલી છે તે મેહેરબાંની કરી કબુલ રાખશોજી.

લા૦ તમારા ખેરખાહ સેવકો,

(સહી) જમશેદજી જીજીભાઈ,

" હીરજીભાઈ હોરમજજી.

" ખરશેદજી ફરદુનજી પારખ,

" ફરાંમજી નશરવાંનજી પટેલ,

પારસી પંચાએતના ધરમના ફંડ તથા મીલકતોના ટરસટીઓ.

---

### પાક દાદાર હોરમજદની મદદ છે.

## નેકનામ શેઠજી સાહેબ સર દીનશાહજી માણેકજી પીતીતને નાઈટહુડનો ખેતાબ મલયો તે બાબે પંચાયતનાં દફતરમાં કીધેલી નોંધ.

" નામદાર માહરાણીજી કયસરે હીંદ વીકટોરીયાનાં રાજયનાં પચાસમાં વરસની જુબીલીનાં તેહેવાર તરીકે તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૮૭ નો દીવસ હીંદુસ્તાનનાં નામદાર વાઇસરાએ ખાશ મુકરર કીધો હતો તે દીવશે જરથોસ્તી અંજુમનની તરફથી એક જાહેર જશન વાડીઆજી શેઠ હોરમજજી બહમનજીનાં આતશબેહેરાંમ સાહેબવાલાં મુકામમાં કીધું હતું તે વેલાએ મુંબઇનાં સઘલા દસતુર સાહેબો તથા અકાબર સાહેબો તથા મોબેદો અને બેહેદીનો વીગેરે સમસત અંજુમનની એક દબદબા ભરેલી મીજલસ મજકુર મુકાંમનાં દીવાંનખાના મધે મલી હતી.

એ મુબારક દીવશે નામદાર માહરાણીની તરફથી સર દીનશાહજી માંણેકજી પીતીતને નાઇટહુડનો માન ભરેલો ખેતાબ એનાયત થવાના શુભ સમાચાર મલયાથી ઉપલાં જશનની કીરીઆ પુરી થવા પછે તુરતજ અંજુમનના વડા

અકાબર સાહેબ નામદાર સર જમશેદજી જીજીભાઇ બારોનેટ સી. એસ. આઇ. એ એક ટુક અને શુભાખીત ભાશાણ કરીને સર દીનશાહજી માંણેકજી પીતીતની લાયકી તથા સદ્ગુણો વીશે તારીફના શબ્દુનો કહી શંભલાવયા હતા અને એવણ સાહેબને એનાયત થએલા નાઇટહુડના માન ભરેલા ખેતાબ વીશે પેહલવેહલી મુબારકબાદી મજકુર અંજીુમનની મીજલસમાં જાહેર રીતે આપી હતી તે ઉપરથી સઘલા દસતુરો તથા મોબેદો તથા ખાશ વ આંમ બેહેદીનોની ભેગી મલેલી સમસત અંજીુમને નામદાર સર જમશેદજી સાથે સામેલ થઇને મોટી ખુશીના પોકારો સાથે સર દીનશાહજીને મુબારકબાદી આપી હતી.

ઉપલી બાબદના જવાબમાં સર દીનશાહજી માંણેકજી પીતીત, નાઈટે ઘટતા શબદોમાં એક ટુક ભાશણ કરીને પેહલવેહેલાં નામદાર બખ્તાવર માહરાણી વીકટોરીયાનો ઉપકાર એ ખેતાબની એવણને થએલી બખ્ખશેશને માટે માનયો હતો. તયાર પછી એ ખેતાબ એવણને એનાએત થયો તે બાબે મજકુર મીજલસમાં તેવણને દીલભરીથી આપેલી મુબારકબાદી વીશે નામદાર સર જમશેદજીનો તથા સમસત જરથોસ્તી અંજીુમનનો ઉપકાર એવણે માનયો હતો.

સર દીનશાહજી માંણેકજી પીતીત, નાઇટ આપણી જરથોશતી અંજીુમનના ધરમનાં ફંડ તથા મીલકતોનાં એક તરસટી તરીકે સને ૧૮૬૦ નાં વરશમાં પેહેલવેહેલા મુકરર થયા હતા તે વખતથી તે આજદન સુધી યાને લગભગ ૨૭ વરશોના દરમીયાનમાં આપણાં ધરમખાતાંઓનાં કાંમો પાછલ ઘણી દીલસોજી રાખીને તથા પોતાના કીંમતી વખત ખોઇને બીજા તરસટીઓ સાથે સામેલ થઇ ઘટતી મેહેનત લેતા આવયા છે એટલુંજ નહી પણ વખતે વખત આપણી પંચાએતનાં ધરમખાતાંનાં ફંડોમાં પોતાને તથા પોતાના ફરજંદોને

નામે મોહોટી રકમો બખ્ખશેશ તરીકે આપેલીછે જેની એકંદર ગણતરી કરતાં આજ સુધીમાં જુમલે રૂ૧૩૨૦૦૦) પંચાએતનાં ધરમખાતાંઓમાં એવણે આપેલાછે તે ઉપરાંત રૂ૧૫૦૦૦) ખરચીને મુંબઇ ખાતેનાં દોખમાંઓવાલા ડુંગર ઉપર આપણા જરથોશતીઓનાં વપડાશને માટે એક કોશાદે સગડીનું મુકાંમ સને ૧૮૭૩ નાં વરશમાં એવણ સાહેબે બાંધી આપયુંછે.

એ ઉપરાંત મુંબઇ તથા દેશાવરો ખાતેનાં જરથોશતીઓનાં લાભને માટે એવણ સાહેબે પોતાની સદાની ઉદારતાથી ખાંનગી તેમજ જાહેર રીતે સખાવતો કીધેલીછે તથા કેટલાંએક દોખમાઓ તથા દરેમેહેરો તથા ધરમશાલાઓ પોતાની આગેવાનીથી જરથોશતી ટોલામાં ઉઘરાણાંની ટીપો કરીને તથા પોતાની તરફથી સારો આશરો આપીને બંધાવયાંછે તથા શ્રી નવશારી ખાતે પોતાને ખરચે દોખમાઓની નજદીક એક સગડી બંધાવી આપીછે. એ સરવે પરમારથી કામોથી અતરેનાં તેમજ દેશાવરો ખાતેનાં જરથોશતીઓ એવણની વાખવાખી કરેછે.

ઉપલી સરવે બીનાની નોંધ આપણી પંચાએતનાં દફ્તરમાં સર દીનશાહજી માણેકજી પીતીત, નાઇટનાં હમશરીક તરસટીઓ તરીકે કરવાને નીચે સહી કરનારા તરસટીઓએ વાજબી ધારયુંછે.

મુંબઇનો રોજ ૧૦ મો માહ ૮ મો શેહેનશાહી તથા માહ ૯ મો કદમી સને ૧૨૫૬ યજદજરદી, તા૦ ૨૫ મી એપરેલ સને ૧૮૮૭ ઇસવી.

**(સહી) લા૦ શેવક જમશેદજી જીજીભાઈ,**
" " **હીરજીભાઈ હોરમજજી શેઠનર,**
" " **ખરશેદજી ફરદુનજી પારખ,**
" " **ફરાંમજી નશરવાંનજી પટેલ,**

પારસી પંચાએતના ધરમનાં ફંડ તથા મીલકતોનાં તરસટીઓ.

**(સહી) લા૦ શેવક નશરવાંનજી બેહરાંમજી સેક્રેટરી.**

---

## "ઈરાનના નામદાર શાહ નસરદદીનનું ફરમાન."

સર દીનશાહજીને ઇરાન દેશના ગરીબ જરથોસતીઓનું ભલુ કરવાને ખાતર તે દેશને લગતાં કેટલાંક સંબંધમાં આવવું પડયું હતું, તેથી નામદાર શાહ નસરદદીનને જેવી ખબર મલી કે શેઠ દીનશાહજીની ઉપર નામદાર માહરાણી વીકટોરીયાની મેહેરબાની ઉતરવાથી તેમને સર નાઇટ બનાવયા છે, તેવુંજ એક "ફરમાન" કાહાડી તે નામદારના મુંબઇના એલચી હાજી મીરજા કુલીખાનની મારફતે સર દીનશાહજીને સપુરદ કરવામાં આવયું હતું. આ "ફરમાન" ની અશલ નકલ ફારસીમાં છે-જેના ઉપર શાહાની મોહરો કીધેલીછે-એ અશલ ફરમાનના અંગરેજી અને ગુજરાતી તરજુમાઓ નીચે મુજબ છે:—

### THE SUBSTANCE OF A ROYAL FARMAN.

Motamad ūss Sultan, the devoted Servant of this everlasting state Hajee Hoosein Coolikhan Motamad ul Vazara General Consul of this Imperial Power now residing in Bombay is to know that we have conferred upon him our Royal marks of Favor. Further he is to know as follows:—

The writing from Motamad ūss Sultan to the Minister for Foreign affairs has been placed before Our Royal Presence which has been perused with pleasure. The reply thereto relating to other affairs as written by His Excellency Mushir ud Dowlla the Minister for Foreign Affairs he is to act according to the same.

He had written therein a short statement of the devotion and the noble Conduct of his honor Sir Dinshawjee Petit towards the subject of our Imperial

Court, and prayed that our Royal Favor might be conferred upon him. We direct & commend by issuing this Royal Diploma as follows:—

This kind of noble conduct of his has had our Gracious Royal Favor, and Motmad ūss Sultan is to assure the aforesaid Gentleman of our Royal marks of Favor and encourage him to continue in the same line of Conduct which will be the Cause of our further Royal Favor towards him.

He is to Carry out as ordered and directed.

*Written Jamadi ul Aval* 1304.

**ઈરાનના શાહાનું ફરમાન—જમાદીઉલ અવલ ૧૩૦૪.**

આ સદા પાયદાર રાજયનાં ફીદા થએલા નોકર મોતમદ-ઉસ સુલતાન હાજી કુલીખાન મોતમદ ઉલ વજરા આ રાજયનાં કોનસલ જેનરલ જેઓ હાલ મુંબઈમાં રેહેછે તેઓને માલમ થાએ કે હમારી (એટલે શાહાની) મેહેરબાની તેઓ (એટલે કોનસલ જેનરલ) પર ઉતરી છે. બીજું જાણવું એ કે મોતમદ-ઉસ-સુલતાને (એટલે કોનસલ જેનરલે) પરદેશ ખાતાંના પરધાન ઉપર કાગજ લખયોછે તે હમોએ (એટલે શાહે) ઘણી ખુશી શાથે વાંચયોછે. બીજી બાબદોનાં જવાબમાં લખવાનું કે જે મુજબ પરદેશ ખાતાંના વજીર મુશીર ઉદ દવલાએ લખયુંછે તે મુજબ અમલ કરવો.

તેણે (એટલે કોનસલ જેનરલે) પોતાના કાગલમાં નામદાર સર દીનશાજી પીતીતની અમીરી ચાલચલણ તથા આપણી દરબાર તરફની તેઓની વફાદારી વીશે લખયુંછે અને અરજ કીધીછે કે શાહાની મેહેરબાની તેઓ (એટલે સર દીનશાજી) ઉપર ઉતરવી જોઈએ તેથી હમો (એટલે

શાહા) આ ફરમાનથી નીચે મુજબ ફરમાવીએ તથા હોકમ કરીએ છીએ કે :—

તેઓની (એટલે સર દીનશાજીની) આવી અમીરી ચાલચલણથી હમારી (એટલે શાહની) તેઓ ઉપર મેહેરબાની ઉતરી છે અને મોતમદ-ઉસ સુલતાને (એટલે કોનસલ જેનરલે) ઉપર જણાવેલા ગરહસથને હમારી મેહેરબાની વીશે તેઓને ખાતરી આપવી અને એવીજ ચાલચલણ જારી રાખવા ઉતેજન આપવું કે જેથી હમારી વધારે મેહેરબાની થાય.



SHAHANSHAH-I-IRAN NUSSAR-OODDIN SHAH.

# بنام ایزد بخشایندهٔ بخشایشگر مهربان

پس از سپاس و ستایش یکتا خداوند بیمانند

باعث بر تحریر آنست که خجسته نامهٔ همایون شاهزاده جنت مکان جلال الدین میرزا پور خاقان مغفور و مبرور فتح علیشاه قاجار جامع اوراق و مولف بالاتفاق آن است که بزبان فارسی مرقوم به نامهٔ خسروان موسوم داشته این بندهٔ خاکسار و این ذرهٔ بیمقدار اردشیر ولد جنت نشان مرحوم دوسابهائی منشی پارسی ساکن بندر معمورهٔ بمبئی نظر به انکه داستان پادشاهان و سرگذشت سلاطین کشورگیر ملک ستان ایران می شود بواسته عنایت سرچشمهٔ فیض روان مرجمشید جی جی بهائی بارونیت جنت نشان در شانزده سال قبل این ذره بیمقدار اهتمام در ترجمه از زبان فارسی به گجراتی نموده تا ناظرین گجراتی درین اوراق حظی وافر و لذتی متکاثر از ملاحظه و مطالعه این کتاب حاصل آرند چون این بستهٔ فوایدات مطبوع طبع اولی الالباب و اعظم فضایل انتساب است تفصیل انکه طالبان این کتاب از حد و حصر عقلی خارج اند کرهٔ بعد مرةً حسب الامر عالیجاه بلند دستگاه فیاض باذل معین الطایفه ابو الفقرا و المساکین صاحب نامدار سر دینشاه جی ولد خلد آستان مانک جی پیتت دام الله حشمته و عزته و عمره و دولته بسمت طبع درآورده چون عروس عبارات نسخهٔ اول این همایون کتاب مستطاب از حلی زیب و زیور خالی می بود لهذا رشته از اوصاف و محمدت شهنشاه دادخواه و شهریاری جمشید دستگاه فریدون بارگاه ابو المظفر ناصر الدین شاه قاجار خلد الله ملکه که دوران خسرویش پاینده باد در نسخهٔ ثانی براو حمایل و قلاده از گوهر عکس وجود مبارک پادشاه ایران در گردنش

افکند تا انظار مطالعه کنندگان از نور عکس و تمثال بی مثال آن خسرو بیهمال روشن گردد و هر صبح و مسا دعای وجود مبارک آن پادشاه جم جاه را بر خود فرض دانند

## شاهنشاه عالیه ایران

که درین تاریخ زینت بخش اریکه سلطنت ممالک ایران است نام مُبارکش ناصرالدین شاه و از سلسله جلیله قاجار است ولد ارشد اکبر شاه مرحوم مُحمّد شاه و او پسر محمّد عباس میرزای نایب سلطنه و او پسر خاقان خلد آشیان فتح علیشاه است سال عمرش ۵۹ مدت سلطنتش نزدیک ۴۵ عدد پسرانش حالا ۴ می باشد در ایام سلطنت او سیم تلگراف و صنعت فوتگراف و سایر کمالات اوروپا به ایران آمده و در خیال ساختن راه آهن است و انشاالله ساخته خواهد شد و در عصر او راه سازی بسیار شده است و راه شوشه از طهران بقزوین و قم باسی تنس آماله شده است و به حکم آن شاهنشاه در نقاط ممالک خارجه مامورین فرستاده اند و اول الطافی به قوم فارسی ایرانی از در مرحمت داده و جزیه را از روی رافت این قوم بخشش فرمود و بتوسط سفیر خود جناب حاجی میرزا حسین قلی خان امیر پنجه معتمدالوزاره فارسیان هندوستانی پژوهشگر داین شاهنشاه عدالت گستر بود خداوند عمرش دراز کند و سالها بفرمانروای ایران برقرار باشد انشاالله

# PREFACE TO THE SECOND EDITION.

This book is the second edition of the translation of a Persian work, entitled "Name-i-Khusruvan" which was written in Persian by Prince Jalal-uddeen Mirza of the Kajar dynasty of Persia. When a copy of this work came to my hand some sixteen years ago, I found that it contained a history of the ancient Parsee Kings of Persia. I was so struck by the ungarbled and unbiased account given there by a Prince writer of a different persuasion, whose community had had serious religious differences in the past with the rulers whose praise he was singing, that I at once undertook its translation in Gujarati, the first edition of which was issued in 1871 under the patronage of Sir Jamsetjee Jejeebhoy (2nd) Baronet. As that edition has long since gone out of print, this second edition is laid before the public under the patronage of our esteemed citizen, Sir Dinshaw Manockji Petit, Kt.

The rapid growth of civilization has sunk all former differences and established a complete harmony between the two communities, and, as the production of this and the previous edition is due to the faithful history recorded by Prince Jalal-uddeen Mirja Kajar, I have deemed it proper to adorn my work with a likeness of the noble Shah Nussur-ooddeen, the present King of Persia, to whom the Zoroastrian community is indebted for several concessions, including an entire remission of the crushing poll-tax, named *Jazia*, extended to their co-religionists residing in Persia.

ARDASEER DOSSABHAEE MOONSHEE.

## HIS MAJESTY SHAH NUSSUR-OODDEEN.

His Majesty The Shah Nussur-ooddeen, whose benign rule extends over the whole of Persia, belongs to the ancient aud respected Kajar family. His Majesty is the eldest son of the late Mahomed Shah, the grandson of the late Fateh Ali Shah, son of Sultan Abbas. His Majesty is at present in the fifty ninth year of his age and the 45th of his reign. This good King has four sons.

Modern culture and arts have received their just appreciation in his reign. The Telegraph and Photography have been introduced for the first time besides several useful arts from Europe. His Majesty, moreover, intends to have Railway lines constructed throughout his country which will be effected before very long. During his Majesty's benign regime several new roads have been made such as that leading from Shooster down to Tehran, and that from Com as far as Kejvin.

---

## શાહ નાસરઊદદીન.

શ્રી ઈરાનના પાદશાહ નાસરઉદદીન શાહ કે જે ઈરાનના રાજને શીનગાર આપેછે અને માન પામેલી કાજાર વંસનો છે તે મરહુમ મહમદ શાહનો વડો દીકરો થાએછે જે મહમદ શાહ ગુરથમાન મકાંની ખાકાન ફતેહઅલી શાહના છોકરા નાએબ સલતાંને અબબાસ મીરજાનો છોકરો થાએછે. એ સાહેબની ઉમરના વરસ (૫૯) ઓગનસાઠ અનેં આજ (૪૫) પીસતાલીશ વરસ થયાં રાજ

ચલાવેછે. એ નેક પાદશાહના (૪) ચાર દીકરા છે. એના રાજયના જમાનામાં ટેલીગ્રાફ તથા ફોટોગ્રાફનો હુનર જારી થયો તે સાથે યુરોપના બીજા કેટલાક હુનરો દાખલ કીધાછે તેમજ વળી રેલવે ચલાવાનો એ નેકબખ્ત શાહ ઈરાદો રાખેછે જે વીચાર ખોદા કરશે તો પાર પડશે. એ ભલા શાહના જમાનામાં ઘણાએક રસતા બંધાઇ તૈયાર થયાછે. જેમકે શુસતરથી તે તેહરાંન સુધીનો રસતો અને કોમથી તે કજવીન અને ત્યાંથી એસતરાબાદ સુધી બંધાયોછે, અને એ શેહેનશાહના હુકમથી પારકા મુલકોમાં એલચીઓ મોકલેલાછે. આસરે ત્રણ વરસની વાત ઉપર ઈરાનના પારસી રેહવાશીઓના હકમાં એ શાહે મોટી નવાજેસ કરી પોતાના ઉદાર દીલથી જજીયાનો કર માફ કીધો અને પોતાના મુંબઇ ખાતે મોકલેલા એલચી જનાબ હાજી મીરજા હોસૈન કુલીખાંન અમીર પંજે મોતેમલુલ દોજરાની મારફતે હિંદુસતાનના પારશીઓનો અહેવાલ પુછાવયો. ખોદાએ ઇનસાફી શેહનશાહની ઉમરની દરાજી કરે અને હવે પછે ઘણાં વરશ સુધી ઈરાનના તખ્તપર બેસી પાદશાહી ભોગવે. આમીન! આમીન!!